

કલ્કિ ૨૮૯૮ એડી ટુ માટે આલિયાને લેવાના પ્રયાસો શરૂ


# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

www.lokpatrika.in   LOK PATRIKA   RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૪ અંક : ૭૫ । વિક્રમ સંવત ૨૦૮૧ : આસો વદ ૧૦ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 04 • Issue : 75 • Dt.16-10-2025 Thursday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125






અનન્યા-લક્ષ્યની ચાંદ મેરા દિલની રીલિઝ ડેટ હજુ પણ નક્કી નહિ

મલેશિયામાં ઇન્ફ્લુએન્ઝાનો પ્રકોપ : ૬૦૦૦ વિદ્યાર્થીઓ અસરગ્રસ્ત : શાળા-કોલેજો બંધ કરાઈ 07



16 OCTOBER- 2025 THURSDAY



07 જાપાનમાં ફ્ન્ફ્લુએન્ઝાના ૬૦૦૦ થી વધુ દર્દીઓ । મહામારી જાહેર કરવી પડી





The Demand for Cyber Security Professionals at All-Time high across the world.

Learn from the Most Experienced Trainer and One of India's Top Ethical Hackers and Cyber Security Expert Mr. FALGUN RATHOD

www.cyberoctet.com

Cyber Octet™

Learn more than 110 Topics | Task and Research based Training | 100% Placement Assistance

+91 74053 21234


કોલકાતા, હૈદરાબાદ અને અમદાવાદ સહિત કુલ ૧૩ સ્થળોએ એક સાથે દરોડા પાડ્યા

દરોડા પૈકીના ૧૦ સ્થળો કોલકાતામાં હતા, જ્યારે હૈદરાબાદ અને અમદાવાદમાં પણ એક-એક જગ્યાએ સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું

# ૨૬૭૨ હજાર કરોડના બેન્ક કૌભાંડ કેસમાં ગુજરાત સહિત ૩ રાજ્યોમાં કાર્યવાહી

## દક્ષિણ કોલકાતાના ન્યુ અલીપોર, શરત બોઝ રોડ, અને ઉત્તર કોલકાતાના નાગરબજાર જેવા મહત્ત્વના વિસ્તારોમાં પણ શોધખોળ હાથ ધરવામાં આવી હતી

। પ્રતિનિધિ, મોરબી,તા.૧૬ ।

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટએ ૨,૬૭૨ કરોડ રૂપિયાના કથિત શ્રી ગણેશ જ્વેલરી બૅંક છેતરપિંડી કેસના સંદર્ભમાં કોલકાતા, હૈદરાબાદ અને અમદાવાદ સહિત કુલ ૧૩ સ્થળોએ એક સાથે દરોડા પાડ્યા છે. આ કાર્યવાહીથી સંભવિત રાજકીય જોડાણો અંગે પણ સવાલો ઊભા થયા છે, કારણ કે ઈડી પશ્ચિમ બંગાળમાં ઘણા હાઈ-પ્રોફાઈલ મની લોન્ડરિંગ કેસોની તપાસ કરી રહી છે.અહેવાલો અનુસાર, દરોડા પૈકીના ૧૦ સ્થળો કોલકાતામાં હતા, જ્યારે હૈદરાબાદ અને અમદાવાદમાં પણ એક-એક જગ્યાએ સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. આ તપાસ મુખ્યત્વે શ્રી ગણેશ જ્વેલરી પર બૅંક લોન છેતરપિંડી આચરવાના આરોપોના સંદર્ભમાં ચાલી રહી છે.આ દરોડા દરમિયાન, રાજ્યના અગ્નિશમન સેવા મંત્રી સુજીત બોઝના સોલ્ટ લેક સ્થિત કાર્યાલય પર પણ ઈડીની તપાસ હેઠળ આવ્યું હતું.

આ ઉપરાંત, દક્ષિણ કોલકાતાના ન્યુ અલીપોર, શરત બોઝ રોડ, અને ઉત્તર કોલકાતાના નાગરબજાર જેવા મહત્ત્વના વિસ્તારોમાં પણ શોધખોળ હાથ ધરવામાં આવી હતી. આ ઉપરાંત ઈડીએ ન્યુ અલીપોરમાં કોલકાતા હાઈકોર્ટના એક વરિષ્ઠ વકીલના નિવાસસ્થાને પણ દરોડા પાડ્યા હતા. સર્ચ ઓપરેશન દરમિયાન સુરક્ષા વ્યવસ્થા જાળવવા માટે કેન્દ્રીય અર્ધલશ્કરી દળોના જવાનો તૈનાત કરવામાં આવ્યા હતા.




### સાંજના સમયે છૂટો છવાયો કમોસમી વરસાદ વરસ્યો

આ દરોડાની સાથે ઈડી પશ્ચિમ બંગાળમાં અન્ય બે મની લોન્ડરિંગ કેસોની પણ સમાંતર તપાસ કરી રહી છે. જેમાં એક કેસ મ્યુનિસિપલ નોકરીઓમાં કથિત લાંચ લેવાના કૌભાંડ સાથે સંબંધિત છે, અને બીજો એક અન્ય બૅંક લોન છેતરપિંડીના કેસ સાથે સંબંધિત છે. ઈડીની આ વિસ્તૃત કાર્યવાહીએ પ શ્ચિમ બંગાળ અને અન્ય રાજ્યોના રાજકીય તથા વ્યાવસાયિક વર્તુળોમાં હલચલ મચાવી દીધી છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટએ ૨,૬૭૨ કરોડ રૂપિયાના કથિત શ્રી ગણેશ જ્વેલરી બૅંક છેતરપિંડી કેસના સંદર્ભમાં કોલકાતા, હૈદરાબાદ અને અમદાવાદ સહિત કુલ ૧૩ સ્થળોએ એક સાથે દરોડા પાડ્યા છે. આ કાર્યવાહીથી સંભવિત રાજકીય જોડાણો અંગે પણ સવાલો ઊભા થયા છે, કારણ કે ઈડી પશ્ચિમ બંગાળમાં ઘણા હાઇ-પ્રોફાઇલ મની લોન્ડરિંગ કેસોની તપાસ કરી રહી છે.અહેવાલો અનુસાર, દરોડા પૈકીના ૧૦ સ્થળો કોલકાતામાં હતા.




દક્ષિણ કોલકાતાના ન્યુ અલીપોર, શરત બોઝ રોડ, અને ઉત્તર કોલકાતાના નાગરબજાર જેવા મહત્ત્વના વિસ્તારોમાં પણ શોધખોળ હાથ ધરવામાં આવી હતી. આ ઉપરાંત ઈડીએ ન્યુ અલીપોરમાં કોલકાતા હાઈકોર્ટના એક વરિષ્ઠ વકીલના નિવાસસ્થાને પણ દરોડા પાડ્યા હતા. સર્ચ ઓપરેશન દરમિયાન સુરક્ષા વ્યવસ્થા જાળવવા માટે કેન્દ્રીય અર્ધલશ્કરી દળોના જવાનો તૈનાત કરવામાં આવ્યા હતા.

ન્યુ ગાંધીનગરમાં સ્પાના નામે ગોરખધંધા સામે આવ્યા

## સરગાસણમાં સ્પાની આડમાં ચાલતા દેહવ્યપારના રેકેટને પોલીસે પકડ્યુ

### પોલીસે ડમી ગ્રાહક બનીને દરોડો પાડયો : સ્પા-સલુનના બે સંચાલકો સામે ગુનો : ગ્રાહકોમાં દોડધામ મચી ગઇ

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૧૫ ।

ન્યૂ ગાંધીનગરના સરગાસણમાં આવેલા ગોલ્ડન લીવ્સ વેલનેસ સ્પા એન્ડ સલુનમાં દેહવ્યાપાર ચાલતો હોવાની માહિતી પોલીસને મળી હતી. જેથી પોલીસે પોતાના કર્મચારીઓને ડમી ગ્રાહક તરીકે મોકલ્યા હતા અને અહીં ચાલતા દેહવ્યપારના રેકેટને ખુલ્લો પાડયો હતો. આ સંદર્ભે પોલીસે સંચાલકો સામે ગુનો દાખલ કરીને વધુ તપાસ હાથ ધરી છે.ન્યુ ગાંધીનગર સહિત જિલ્લામાં સ્પા અને સલૂનની આડમાં દેહવ્યપાર સહિતના ગોરખધંધા ફુલ્યા ફાલ્યા છે. અહીં નિયમો અને કલેક્ટરના જાહેરનામાનું પાલન નહીં થતું હોવા છતા સ્પા સેન્ટરો વધુને વધુ ખુલી રહ્યા છે તે પૈકીના ઘણા સ્પા સેન્ટરોમાં બહારના પ્રાંત અને દેશમાંથી યુવતીઓ લાવીને દેહવ્યપારની પ્રવૃત્તીઓ આચરવામાં આવે છે. આ સ્થિતિમાં પોલીસને માહિતી મળી હતી કે, સરગાસણમાં આવેલા ગોલ્ડન લીવ્સ વેલનેસ સ્પા એન્ડ સલુનમાં દેહવ્યાપાર ધમધમી રહ્યો છે. જેથી પોલીસ દ્વારા દહેવ્યાપ ાર પકડવા માટે છટકુ ગોઠવવામાં આવ્યુ હતુ. પોલીસ દ્વારા તેમના કર્મચારીને ડમી ગ્રાહક બનાવવામાં આવ્યો હતો અને મસાજ પાર્લરમાં મોકલવામાં આવ્યો હતો.કર્મચારી ગ્રાહક બનીને ગયા બાદ મસાજ અને બાદમાં શરીર સબંધ બનાવવાની વાત કરી હતી. જેમાં સ્પા સેન્ટરમાં રહેલી યુવતી શરીર સબંધ બનાવવા માટે તૈયાર થઈ જઈ હતી. જેથી બહાર ઉભી રહેલી પોલીસને ડમી ગ્રાહક બનેલા પોલીસ કર્મીએ અંદર ઈશારો કરી બોલાવી લીધા હતા. બાદમાં મેઘાણીનગર,અમદાવાદ ખાતે રહેતા સ્પા સેન્ટરના મેનેજર ગોપ ાલસિંહ પવાર અને સરગાસણમાં રહેતા સંગીતા મગનલાલ ધાણકને પકડી તેમની સામે દેહવ્યાપાર બાબતે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.ન્યૂ ગાંધીનગરના સરગાસણમાં આવેલા ગોલ્ડન લીવ્સ વેલનેસ સ્પા એન્ડ સલુનમાં દેહવ્યાપાર ચાલતો હોવાની માહિતી પોલીસને મળી હતી.

### ન્યૂઝ બ્રિફ

#### પોર બ્રિજ ઉપર ચાલુ કારમાં પોલીસ કર્મચારીને છાતીમાં દુખાવો : મોત

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૫ ।

અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકામાં વટામણ ગામના મૂળ વતની તેમજ હાલ દક્ષિણ ગુજરાતમાં તાપી જિલ્લા પોલીસ હેડ ક્વાર્ટરમાં એએસઆઈ તરીકે ફરજ બજાવતા કરણસિંહ અમરસિંહ ગોહિલ ઉંમર વર્ષ ૫૬ ગઈકાલે હેડક્વાર્ટરમાંથી છૂટીને વડોદરા શહેરમાં પોલીસ તાલીમ શાળામાં તાલીમ લેવા માટે પોતાની કારમાં નીકળ્યા હતા. પોર નેશનલ હાઈવેના ફ્લાય ઓવર બ્રિજ ઉપર અચાનક તેમને છાતીમાં દુખાવો થતાં કાર સાઈડ ઉપર ઉભી રાખી હતી અને નજીકમાંથી પસાર થતાં એક બાઈક ચાલકને રોકી તેની મદદથી પોરની એક ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ગયા હતા ત્યાંથી બીજી હોસ્પિટલમાં ગયા બાદ તેઓનું મોત નિપજ્યું હતું. આ અંગે વરણામા પોલીસે અકસ્માત મોતની નોંધ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકામાં વટામણ ગામના મૂળ વતની તેમજ હાલ દક્ષિણ ગુજરાતમાં તાપી જિલ્લા પોલીસ હેડ ક્વાર્ટરમાં એએસઆઈ તરીકે ફરજ બજાવતા કરણસિંહ અમરસિંહ ગોહિલ ઉંમર વર્ષ ૫૬ ગઈકાલે હેડક્વાર્ટરમાંથી છૂટીને વડોદરા શહેરમાં પોલીસ તાલીમ શાળામાં તાલીમ લેવા માટે પોતાની કારમાં નીકળ્યા હતા.

ગત ૧૦ તારીખના રોજ જેજી યુનિવર્સિટીમાં સિક્યુરિટી અને એબીવીપી ના કાર્યકરો વચ્ચે ઘર્ષણ થયું હતું

## જેજી યુનિવર્સિટીમાં એબીવીપી અને પોલીસ વચ્ચે ઘર્ષણ । પોલીસે અટકાવતા ટોળું બેકાબુ બન્યું

### ચૂંટણી કાર્યક્રમ મુજબ, ૧૦ ઓક્ટોબરે બનાસ ડેરીના નવનિયુક્ત ડિરેક્ટર મંડળ માટે મતદાન યોજાશે અને ૧૧ ઓક્ટોબરે મતગણતરી હાથ ધરાશે

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૧૫ ।

ગત ૧૦ તારીખના રોજ જેજી યુનિવર્સિટીમાં સિક્યુરિટી અને એબીવીપી ના કાર્યકરો વચ્ચે ઘર્ષણ થયું હતું. આ ઘટનામાં લાકડીઓ અને લોખંડની પાઈપો વડે મારામારી થતા એબીવીપી ના કેટલાક કાર્યકર્તાઓ ઈજાગ્રસ્ત થયા હતા. જેને લઈને અખિલ ભારતીય વિદ્યાર્થી સંગઠન હવે લડી લેવાના મૂડમાં આવી ગયું છે. દૂરદર્શન ટાવરથી લઈને જેજી યુનિવર્સિટી સુધી છમ્ફૅના કાર્યકર્તાઓએ મોટી સંખ્યામાં રેલી કાઢી હતી.



કાર્યકરોને કોલેજમાં જતા અટકાવવા માટે ગેટ પર જ મોટી સંખ્યામાં પોલીસ કાફલો તહેનાત કરી દેવાયો હતો.એબીવીપી ની કારોબારી બેઠકમાં થોડા સમય પહેલા જેજી યુનિવર્સિટીના બાઉન્સરો, સ્ટાફ સાથે માથાકૂટ થઈ હતી ત્યારે સમગ્ર મામલે ગંભીર રૂપ ધારણ કરી લીધું છે.

જેથી આજે એબીવીપી દ્વારા જેજી યુનિવર્સિટીમાં એબીવીપી દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યો હતો જેમાં ૨૦૦થી વધુ એબીવીપી ના કાર્યકરોએ દૂરદર્શન ટાવરથી રેલી સ્વરૂપે યુનિવર્સિટી ખાતે પહોંચ્યા હતા.

જેથી રસ્તા પર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા.સાથે જ યુનિવર્સિટીમાં રજૂઆત કરવા માટે એબીવીપી ના કાર્યકર્તાઓએ કોલેજની અંદર પ્રવેશ મેળવવાનો પ્રયાસ કર્યો હતો, પણ પોલીસનો ચુસ્ત બંદોબસ્ત રાખવામાં આવ્યો હતો. જેથી એક પણ આંદોલનકારીઓને કોલેજમાં પ્રવેશ આપવામાં આવ્યો ન હતો.

### જામનગરમાં સગીરા પર કુકર્મ આચરનાર બે દુષ્કર્મીઓની ધરપકડ, પ્રેમજાળમાં ફસાવી આચર્યુ હતું કૃત્ય

। પ્રતિનિધિ, જામનગર, તા.૧૫ ।

જામનગરમાં સગીરા પર દુષ્કર્મ આચરીને ફરાર થયેલા બે શખ્સોને પોલીસે ગણતરીના સમયમાં ઝડપી પાડ્યા છે. બાતમીના આધારે પોલીસે ચોક્કસ માહિતી મેળવીને જૂનાગઢ-કાલાવડ રૂટની એક એસ. ટી. બસમાં મુસાફરી કરી રહેલા આ બંને નરાધમોને દબોચી લીધા હતા.પ્રાથમિક માહિતી મુજબ, આરોપીઓએ એક સગીરાને પ્રેમજાળમાં ફસાવી હતી અને ત્યારબાદ તેને એક અવાવરુ જગ્યાએ લઈ ગયા હતા. ત્યાં આ બંને શખ્સોએ બળજબરીપૂર્વક સગીરા પર વારાફરતી દુષ્કર્મ આચર્યું હતું. આ કૃત્ય કર્યા બાદ તેમણે સગીરાને આ અંગે કોઈને પણ ન જણાવવા માટે ધમકી આપીને ત્યાંથી નાસી છૂટ્યા હતા.આ ગંભીર ઘટના અંગે સગીરાના પરિવારે તાત્કાલિક પ ોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસ તંત્ર સફાળું જાગ્યું હતું અને આરોપીઓને પકડવા માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. પોલીસે ગુપ્ત બાતમીદારો અને ટેકનિકલ સર્વેલન્સની મદદથી માહિતી મેળવી કે બંને આરોપીઓ જૂનાગઢ-કાલાવડ રૂટની એસ.ટી. બસમાં છે. આ બાતમીના આધારે પોલીસે તુરંત કાર્યવાહી કરીને બસને અટકાવી અને તેમાંથી જીજ્ઞેશ શાંતિલાલ પરમાર અને યશવંત ઉર્ફે ભોલો અમૃતલાલ કણજારીયા નામના બંને આરોપીઓને ઝડપી પાડ્યા હતા.

સાપ્તાહિક ટ્રેન શરૂ કરવાનો નિર્ણય કરાયો

## દિવાળી અવસરે પશ્ચિમ રેલ્વે તરફથી બાંદ્રા–જયપુર વચ્ચે વિશેષ સાપ્તાહિક સુપરફાસ્ટ ટ્રેન શરૂ



। પ્રતિનિધિ, અમરેલી, તા.૧૬ ।

પશ્ચિમ રેલ્વે દ્વારા દિવાળી અને છઠ પૂજા પર્વ દરમ્યાન બાંદ્રા ટર્મિનસ અને જયપુર વચ્ચે વિશેષ સુપરફાસ્ટ સાપ્તાહિક ટ્રેન શરૂ કરવાનો નિર્ણય કરાયો છે. મળતી માહિતી મુજબ, ટ્રેન નં. ૦૯૭૨૬ બાંદ્રા ટર્મિનસ–જયપુર સુપરફાસ્ટ સ્પેશિયલ ૧૬ થી ૩૦ ઓક્ટોબર દરમ્યાન દર ગુરુવારે બાંદ્રાથી બપોરે ૨.૪૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે સવારે ૧૦.૫૦ કલાકે જયપુર પહોંચશે. તે જ રીતે, ટ્રેન નં. ૦૯૭૨૫ જયપુર–બાંદ્રા ટર્મિનસ સુપરફાસ્ટ સ્પેશિયલ ૧૫ થી ૨૯ ઓક્ટોબર સુધી દર બુધવારે સાંજે ૪.૦૫ કલાકે જયપુરથી ઉપડશે અને બીજા દિવસે બપોરે ૧૨.૦૦ કલાકે બાંદ્રા પહોંચશે. આ ટ્રેન બંને દિશામાં બોરીવલી, પાલઘર, વાપી, વલસાડ, નવસારી, સુરત, ભરૂચ, વડોદરા, ગોધરા, દાહોદ, રતલામ સહિતના મુખ્ય સ્ટેશનો પર રોકાશે. પશ્ચિમ રેલ્વે દ્વારા દિવાળી અને છઠ પૂજા પર્વ દરમ્યાન બાંદ્રા ટર્મિનસ અને જયપુર વચ્ચે વિશેષ સુપરફાસ્ટ સાપ્તાહિક ટ્રેન શરૂ કરવાનો નિર્ણય કરાયો છે.

પોલીસે પકડેલાં રૂ. ૯૫, ૫૯,૭૧૮ નો જથ્થો સીઝ કરી તેમાંના ઘીના ૧૮ સેમ્પલ લઈને પૃથ્થકરણ માટે સરકારી લેખોરેટરીમાં મોકલી આપ્યાં હતા

## તહેવારની સિઝનમાં મહેસાણાના ગિલોસણમાં ફેક્ટરીમાંથી ૯૬ લાખનું શંકાસ્પદ ઘી ઝડપાયું

। પ્રતિનિધિ, મહેસાણા,તા.૧૫ ।

પ્રકાશપર્વ દિવાળીના તહેવારોની આડે ગણતરીના દિવસો અગાઉ મહેસાના ગિલોસણ ગામે શંકાસ્પદ ઘી બનાવતી મે.શિવાન ફૂડ પ્રોડક્ટ્સ નામની ફેક્ટરીમાં દરોડો પાડી પોલીસે રૂ. ૯૬ લાખનો ઘીનો જથ્થો ઝડપી લઈ સ્થાનિક ફૂડ તંત્રને જાણ કરી હતી. ફૂડ અધિકારીઓએ તાલુકા પોલીસને સાથે રાખીને ફેક્ટરી પર તપાસ કરી. પોલીસે પકડેલાં રૂ. ૯૫, ૫૯,૭૧૮ નો જથ્થો સીઝ કરી તેમાંના ઘીના ૧૮ સેમ્પલ લઈને પૃથ્થકરણ માટે સરકારી લેખોરેટરીમાં મોકલી આપ્યાં હતા.

તાલુકા પોલીસ સ્ટેશનના અધિકારીઓ નાઈટ પ્રેટોલિંગમાં હતા. ત્યારે ગિલોસણ ગામે પટેલ નિતેશભાઈ ગોવિંદભાઈની માલિકીની મે. શિવાન ફૂડ પ્રોડક્ટ્સ ( યુક્રેન એસ્ટેટ, ૫૦/એ, ૫૦/બી, ૫૧/બી, સર્વે નં. ૭૧) નામની ફેક્ટરીમાં નકલી ઘી બનાવવામાં આવતું હોવાની પૂર્વબાતમીના આધારે પોલીસે છાપો મારી શંકાસ્પદ ઘીનો રૂ. ૯૫,૫૯,૭૧૮ નો જથ્થો ઝડપી લીધો હતો. પોલીસે આ અંગે જિલ્લા ફૂડ તંત્રને જાણ કરી હોવાનું અને ફેક્ટરીને સીલ મારી દીધી હોવાનું પી.આઈ. એ જણાવ્યું હતું. સોમવારે ફૂડ અધિકારીઓએ ગિલોસણ ગામની ઘી બનાવતી ફેક્ટરીમાંથી જુદાજુદા ઘીના ૧૮ સેમ્પલ લીધાં હતા.

આ બાબતે ઈન્ચાર્જ ફૂડ અધિકારીએ કહ્યું કે, ફુડતંત્રની ટીમે સ્થળ પર જઈ શંકાસ્પદ ઘીના ૧૮ સેમ્પલ લઈ ચકાસણી માટે સરકારી લેબોરેટરીમાં મોકલી આપ્યાં છે.ફૂડ ઓફિસર્સની ટીમે શંકાસ્પદ ઘીનો અંદાજે રુ. ૯૫,૫૯,૭૧૨ નો કુલ ૧૬૮૧૨ લિટર જથ્થો સીઝ કરી ફેક્ટરી માલિક પટેલ હિતેશભાઈ ગોવિંદભાઈ સામે કાયદાકીય કાર્યવાહી હાથ ધરી છે.

## જામનગરમાં ૧૬ વર્ષની સગીરા પર વારાફરથી બે શખ્સોએ બળજબરી શરીરસુખ માણ્યું

। પ્રતિનિધિ, જામનગર, તા.૧૫ ।

જામનગરના હાપા યાર્ડ વિસ્તારમાં રહેતી ૧૬ વર્ષની વયની એક સગીરા પર આજ થી ચાર દિવસ પહેલાં બે નરાધમ શખ્સોએ દુષ્કર્મ ગુજાર્યું હોવાની ઘટના સામે આવતાં ચકચાર જાગી છે. પોલીસે બે શખ્સો સામે ગુનો નોંધ્યો છે, અને બંનેની શોધખોળ હાથ ધરી છે.જામનગર ના હાપા યાર્ડ વિસ્તારમાં રહેતી ૧૬ વર્ષની વયની એક સગીરાને તેના નજીકમાં જ રહેતા એક શખ્સે સૌ પ્રથમ તેની સાથે મિત્રતા કેળવી હતી, ત્યારબાદ આજથી ચાર દિવસ પહેલાં તેણીને એક સ્થળે બોલાવી હતી, અને સગીરા પર વારાફરથી બે શખ્સોએ બળજબરી પૂર્વક દુષ્કર્મ ગુજાર્યું હતું. આખરે આ મામલો પોલીસ મથક સુધી પહોંચ્યો હતો.

## મહારાષ્ટ્રના ડોક્ટરને પાંચ કરોડની લોન અપાવવાનું કહી છેતરપિંડી

। પ્રતિનિધિ, વડોદરા, તા.૧૫ ।

મહારાષ્ટ્રના ડોક્ટરને હોસ્પિટલના રિનોવેશન માટે પાંચ કરોડની લોન અપાવવાનું કહી ૧૦.૧૦ લાખ પડાવી લેનાર વડોદરાની મહિલા સહિત બે સામે પોલીસે ગુનો દાખલ કર્યો છે.મહારાષ્ટ્રના સતારા જિલ્લાના ખલટાવ તાલુકાના માયની ગામે એમ.એસ.ઈ.બી. બોર્ડમાં રહેતા ડો. જમીર યુસુફભાઇ જમાદારની મહારાષ્ટ્રના સાંગલીમાં હોસ્પિટલ છે. માંજલપુર પોલીસ સ્ટેશનમાં તેમણે ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, મારે હોસ્પિટલના રિનોવેશન માટે રૂપિયાની જરૂર હોવાથી નયનાબેન મનહરસિંહ મહીડા (રહે. દીપ દર્શન સોસાયટી, અટલાદરા) તથા રાજેશ અભેસિંગ ચાવડા (રહે. લાડુબા નગર, વાઘોડિયા રોડ) સાથે વાતચીત થઈ હતી. તેઓએ મને પાંચ કરોડની લોન કરાવી આપવાની વાત કરી હતી. નયનાબેને મને મુજમહુડા રોડ પર આવેલી સહયોગ ફાઈનાન્સની ઓફિસે બોલાવ્યો હતો. તેમની સાથે લોન અંગે મિટિંગ થઇ હતી. તેઓએ મારી પાસેથી ૧૦.૧૦ લાખ પડાવી લીધા હતા.

### પાત્ર બેલેન્સના સો ટકા રકમ કર્મચારી ઉપાડી શકશે

# નોકરિયાતો હવે પ્રોવિડન્ટ ફંડના તેમના ખાતામાંથી સો ટકા રકમ ઉપાડી શકશે

### પ્રોવિડન્ટ ફંડ પર ૮.૨૫ ટકા વ્યાજ ચૂકવવું બોજરૂપ લાગતું હોવાથી સરકાર ઉદારતા દાખવી રહી હોવાનો આક્ષેપ

। પ્રતિનિધિ, જુનાગઢ, તા.૧૪ ।

હવે પોતાના પ્રોવિડન્ટ ફંડના ખાતામાં રહેલા ઉપાડવા પાત્ર 'પાત્ર બેલેન્સ'ના સો ટકા રકમ કર્મચારી ઉપાડી શકશે. કર્મચારીએ પ્રોવિડન્ટ ફંડમાં જમા કરાવેલી રકમ સહિત ૧૦૦ ટકા સુધી ઉપાડ કરી શકશે. જોકે તમામ ઉપાડ પછી ૨૫ ટકા ૨૫ ટકા બેલેન્સ પ્રોવિડન્ટ ફંડના ખાતમાં રહેવું જોઈએ તેવી શરત સાથે મૂકવામાં આવી હોવાથી સો ટકા ઉપાડના દાવા છતાંય સો ટકા ઉપાડ શક્ય બની શકશે નહિ. કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠનના સેન્ટ્રલ બોર્ડ ઓફ ટ્રસ્ટીઝની ૨૩૮મી બેઠકમાં નવી દિલ્હી ખાતે એક મહત્વપૂર્ણ નિર્ણયલઈને પ્રોવિડન્ટ ફંડના ઉપાડને અત્યંત સરળ બનાવી દેવામાં આવ્યો છે.કેન્દ્રના શ્રમ અને રોજગાર પ્રધાન મનસુખ માંડવિયાના વડપણમાં યોજાયેલી બેઠકમાં પ્રોવિડન્ટ ફંડના ખાતામાંથી ૧૦૦ ટકા ઉપાડની મંજૂરી આપવામાં આવી છે. પ્રોવિડન્ટ ફંડના ઉપાડના જૂના નિયમો મુજબ પ્રોવિડન્ટ ફંડનો ઉપાડ માત્ર નોકરીમાંથી નિવૃત્તિ ટાણે અથવા તો બેરોજગારીની સ્થિતિમાં જ શક્ય હતો. નોકરી છૂટયા પછી ૧ મહિના બાદ સભ્યને ૭૫ ટકા પ્રોવિડન્ટ ફંડ ઉપાડવાની મંજૂરી હતી. ત્યારબાદ બાકી રહેલ ૨૫ ટકા રકમ ૨ મહિના બાદ ઉપાડી શકાતી હતી. તેમ જ નિવૃત્તિ સમયે પ્રોવિડન્ટ ફંડની




સંપૂર્ણ રકમ ઉપાડવાની મંજૂરી હતી.તદુપરાંત હવે પ્રોવિડન્ટ ફંડ ઉપાડવાના નિયમોને વધુ સરળ બનાવી દેવામાં આવ્યા છે. પ્રોવિડન્ટ ફંડના સભ્યો સરળતાથી નાણાંનો ઉપાડ કરી શકે તે માટે પ્રોવિડન્ટ ફંડ કચેરીએ ૧૩ અલગ-અલગ જટિલ શરતોને એકત્રિત કરીને માત્ર ત્રણ કેટેગરીમાં વહેંચી દીધી છે. આ સરળતા લાવવાના પાછળના સરકારના ઈરાદાની સ્પષ્ટતા કરતા કેટલાક લોકો કહે છે કે સરકારને પ્રોવિડન્ટ ફંડ પર ૮.૨૫ ટકા વ્યાજ ચૂકવવાનું આકરું લાગી રહ્યું હોવાથી નાણાંના ઉપાડને સરળ બનાવી રહી છે. આ રીતે વ્યાજ ખર્ચનો બોજ ઓછો કરી રહી છે.એક, આવશ્યક જરૂરિયાતો એટલે કે બીમારી, શિક્ષણ, લગ્ન જેવા ખર્ચ માટે પણ પ્રોવિડન્ટ ફંડ ઉપાડવાની છૂટ આપવામાં આવી છે. તેમ જ આવાસ સંબંધિત જરૂરિયાતો માટે એટલે કે જમીન કે મકાન ખરીદવા અથવા તો તેના હપ્તા ભરવા માટે પણ પ્રોવિડન્ટ ફંડનો ઉપાડ કરવાની છૂટ આપવામાં આવી છે.

## અમદાવાદ પ્રેમસંબંધમાં કરૂણ અંજામ : ૧૫ વર્ષીય સગીરાનો મૃતદેહ મળી આવતાં ખળભળાટ

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૫ ।

અમદાવાદના સરખેજ વિસ્તારની નરીમનપુરા કેનાલમાંથી મંગળવારે સાંજે એક ૧૫ વર્ષીય સગીરાનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી ગઈ છે. પોલીસે સગીરાના બોયફ્રેન્ડ દ્વારા હત્યા કરી મૃતદેહને કેનાલમાં ફેંકી દેવામાં આવ્યો હોવાની આશંકા વ્યક્ત કરી છે. પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, કેનાલમાં મૃતદેહ સૌપ્રથમ સ્થાનિક લોકોએ જોયો હતો, જેમણે તરત જ સરખેજ પોલીસને જાણ કરી હતી. પોલીસે ઘટનાસ્થળે આવીને તપાસ હાથ ધરી હતી અને મૃતકની ઓળખ માટે સગીરાની માતાને બોલાવવામાં આવી હતી. માતાએ મૃતદેહ તેમની ગુમ થયેલી પુત્રીનો હોવાની પુષ્ટિ કરી હતી.પ્રાથમિક તપાસમાં મૃતકના ગળા અને ચહેરા પર ઈજાના નિશાન જોવા મળ્યા હતા, જેથી અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે કેનાલમાં ફેંકતા પહેલા સગીરાનું ગળું દબાવીને હત્યા કરવામાં આવી હોઈ શકે છે.પોલીસે જણાવ્યું હતું કે મૃતક સગીરા અજય ઠાકોર નામના રિક્ષાચાલક સાથે પ્રેમ સંબંધમાં હતી. આશરે બે મહિના પહેલા તે પોતાનું બર્થ સર્ટિફિકેટ અને અન્ય દસ્તાવેજો લઈને ઘરે કોઈને જાણ કર્યા વિના નીકળી ગઈ હતી અને ત્યારથી તે અજય સાથે રહેતી હતી.

## ગુજરાતમાં નડિયાદ-આણંદ રોડ પર લક્ઝરી બસ ભડકે બળી

। પ્રતિનિધિ, નડિયાદ, તા.૧૫ ।

નડિયાદ-આણંદ રોડ પર આવેલા ભૂમેલ નજીક રેલ્વે ઓવર બ્રિજ પર મોડી રાત્રે એક ગમખ્વાર ઘટના બની હતી. પાવાગઢથી બાવળા તરફ જઈ રહેલી એક ખાનગી લક્ઝરી બસમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળતા રસ્તા પર અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. મોડી રાત્રે ભૂમેલ રેલ્વે ઓવર બ્રિજ પર બસમાંથી અચાનક ધુમાડા નીકળવા લાગ્યા હતા અને જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું.સદભાગ્યે, બસના ડ્રાઈવરે સમયસૂચકતા વાપરીને તાત્કાલિક બસને રોકી દીધી હતી અને તેમાં સવાર ૨૦ થી ૨૫ જેટલા તમામ મુસાફરોને સુરક્ષિત રીતે બસમાંથી નીચે ઉતારી દેવામાં આવ્યા હતા. જેથી કોઈ મોટી જાનહાનિ ટળી અને મુસાફરોના જીવ બચી ગયા હતા. ઘટનાની જાણ થતા જ ફાયરની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને આગને કાબૂમાં લેવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જોકે, હજુ સુધી આગ કેમ લાગી તે વિશે હજુ કોઈ ચોક્કસ કારણ સામે આવ્યું નથી. પરંતુ, આ ઘટનામાં લક્ઝરી બસ સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગઈ હતી. નડિયાદ-આણંદ રોડ પર આવેલા ભૂમેલ નજીક રેલ્વે ઓવર બ્રિજ પર મોડી રાત્રે એક ગમખ્વાર ઘટના બની હતી. પાવાગઢથી બાવળા તરફ જઈ રહેલી એક ખાનગી લક્ઝરી બસમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળતા રસ્તા પર અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

### વેપાર-ધંધો કરી ગુજરાન ચલાવતા નાના માણસોને જીવન-મરણનો સવાલ ઊભો થયો

# સાળંગપુર કષ્ટભંજન દેવ મંદિર નજીક લારી-ગલ્લા પર પ્રતિબંધ । હાઈકોર્ટનો દરમિયાનગીરીનો ઈનકાર

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૫ ।

બોટાદના વિશ્વપ્રસિદ્ધ સાળંગપુર કષ્ટભંજન દેવ હનુમાનજી મંદિરની નજીક લારી-ગલ્લા સહિતના સ્ટોલ-વિક્રેતાઓ પર સરકારના સત્તાધીશો દ્વારા ફરમાવાયેલા પ્રતિબંધને ગુજરાત હાઈકોર્ટમાં પડકારવામાં આવ્યા છે.

આ અરજીની સુનાવણીમાં જસ્ટિસ નિરલ આર. મહેતાએ સત્તાધીશોએ આ નિર્ણયમાં દરમિયાનગીરી કરવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો. સાળંગપુર કષ્ટભંજન દેવ હનુમાનજી મંદિરના આસપાસના સ્થાનિક વિક્રેતાઓ દ્વારા કરાયેલી રિટ અરજી દાખલ કરવામાં આવી છે. જેમાં રજૂઆત કરવામાં આવી હતી કે, બોટાદ પોલીસ



દ્વારા ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૩ઢ હેઠળ એક જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જેમાં કહેવામાં આવ્યું કે, તહેવાર દરમિયાન કાયદો અને વ્યવસ્થા તેમજ સુરક્ષા અને ટ્રાફિક નિયમોને ધ્યાને રાખી ૧૦ નરેવમ્બર સુધી મંદિરના મુખ્ય માર્ગ અને નજીકના લારી-ગલ્લા અને ફેરિયાઓ-વિક્રેતાઓની વાણિજ્યિક પ્રવૃત્તિ પર પ્રતિબંધ લાદવામાં આવે છે. જેના કારણે વર્ષોથી અહીં વેપાર-ધંધો કરી ગુજરાન ચલાવતા નાના માણસોને જીવન-મરણનો સવાલ ઊભો થયો છે. સત્તાધીશોના આ જાહેરનામાંથી તેમની આજીવિકા છીનવાઈ ગઈ છે, તેથી હાઈકોર્ટે આ વિશે હુકમ કરવો જોઈએ.

આ દરમિયાન સરકાર પક્ષ તરફથી અરજીનો વિરોધ કરવામાં આવ્યો. સરકાર પક્ષે જણાવ્યું કે, સત્તાધીશો દ્વારા અશાંતિ, કેટલાક અસામાજિક તત્ત્વોની હાજરીમાં બનેલી ઘટનાઓ બાદ આ પ્રતિબંધ લાદવાનો નિર્ણય કર્યો છે, જે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા અને સલામતીના પણ આ કામચલાઉ પ્રતિબંધ જરૂરી છે. વળી, તહેવારોના સમયગાળા દરમિયાન દેશ-વિદેશથી આવતા લાખો શ્રદ્ધાળુઓ ભકતોની અવરજવર સુચારુરૂપે સુનિશ્ચિત કરવા અને ટ્રાફિક નિયમનના દ્રષ્ટિકોણથી પણ આ કામચલાઉ પ્રતિબંધ જરૂરી છે.

## કાલુપુરમાં તિજોરીનું લોક બદલાનું કહી રૂા.૩.૫૭ લાખ લઇ જતા રહ્યા

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૫ ।


પૂર્વ વિસ્તારમાં તિજોરીની ચાવી તથા લોક બદલવાના બહાને તિજોરીમાંથી રૃપિયા તથા દાગીનાની ચોરી કરતી ગેંગનો તરખાટ વધી રહ્યો છે. કાલુપુરમાં ભર બપોરે વિધવા ઘરે બે શખ્સો તિજોરીનું લોક બદલવા માટે આવ્યા હતા અને લોક બીજુ લઈને આવવાનું કહીને બીજા દિવસે આવ્યા બાદ નજર ચૂકવીને તિજોરીમાંથી રોકડા રૃા. ૩.૫૭ લાખ લઈ ગયા હતા. આ બનાવ અંગે કાલુપુર પોલીસે ચોરીનો ગુનો નોંધી સીસીટીવી ફૂટેજ આધારે વધુ તપાસ હાથ ધરી છે.કાલુપુરમાં સોદાગરની પોળમાં રહેતી મહિલાએ કાલુપુર પોલીસ સ્ટેશનમાં અજાણી બે વ્યકિત સામે ફરિયાદ નોંધાવી છે કે તેમના ઘરે તિજોરીનું લોક બગડી ગયું હતું. ચાર દિવસ પહેલા ત્રણ દરવાજા ખાતે લોક રિપેર કરાવ્યું હતું, પરંતુ ચાવી લાગતી ન હતી બીજીતરફ પોળમાં એક વ્યક્તિના ઘરે તાળા તિજોર કરવા વાળા આવ્યા હતા તેમને તેમના ઘરે બોલાવ્યા હતા આરોપીઓએ આવીને લોક જોઈને નવુ લોક નાંખવું પડશે બીજા દિવસે નવું લોક લઈને આવવાનું કહીને જુનુ લોક લઈ ગયા હતા.બીજા દિવસે બપોરે આવીને લોક બદલવાના બહાને આવીને મહિલાની નજર ચૂકવીને તિજોરીમાં મૂકેલા રોકડા રૃપિયા રૃા. ૩.૫૭ લાખ લઈ ગયા હતા. આ બનાવ અંગે કાલુપુર પોલીસે ચોરીનો ગુનો નોંધી સીસીટીવી ફૂટેજ આધારે વધુ તપાસ હાથ ધરી છે.



### કાંકરિયા ઝૂ, નોકટરનલ ઝૂમાં આઉટ સોર્સિંગથી સ્ટાફની ભરતી કરાશે

# સેન્ટ્રલ ઝૂ ઓથોરીટીની ગાઈડલાઈન મુજબ હાલના કાંકરિયા પ્રાણી સંગ્રહાલયને આધુનિક બનાવાશે

**મોર્ડન ઝૂ કોન્સેપ્ટ અંતર્ગત ઝૂમા રાખવામા આવેલા અલભ્ય પક્ષીઓને મુલાકાતીઓ સારી રીતે નિહાળી શકે એ માટે વોક ઈન એવરી બનાવવા ટેન્ડર પ્રકીયા પુરી કરાયા પછી હાલ સર્વેની કામગીરી**






। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૧૪ ।

અમદાવાદના કાંકરિયા ખાતે આવેલા હાલના પ્રાણી સંગ્રહાલયને સેન્ટ્રલ ઝૂ ઓથોરીટીની ગાઈડલાઈન મુજબ આધુનિક બનાવવા કવાયત શરુ કરાઈ છે. ઝૂ ઓથોરીટીના નોર્મ્સ મુજબ ટૂંક સમયમાં ઝૂમા આવેલા વિવિધ પ્રાણીઓના પાંજરાઓના મોડીફિકેશનની કામગીરી બે મહીનાના સમયમા શરુ કરાય એવી સંભાવના હોવાનુ સત્તાવાર સૂત્રોમાંથી જાણવા મળ્યુ છે.

હાલના ઝૂમા આવેલા પ્રાણીઓ અને પ ક્ષીઓના પાંજરા વર્ષો જુના હોવાથી જર્જરીત બની ગયા છે.મોર્ડન ઝૂ કોન્સેપ્ટ અંતર્ગત ઝૂમા રાખવામા આવેલા અલભ્ય પક્ષીઓને મુલાકાતીઓ સારી રીતે નિહાળી શકે એ માટે વોક ઈન એવરી બનાવવા ટેન્ડર પ્રક્રીયા પુરી કરાયા પછી હાલ સર્વેની કામગીરી ચાલી રહી છે.વોક ઈન એવરી બનાવવા ડિઝાઈન તૈયાર થયા પછી સેન્ટ્રલ ઝૂ ઓથોરીટીની મંજૂરી માટે મોકલવામા આવશે.મંજૂરી મળ્યા પછી બે વર્ષના સમયમા વોક ઈન એવરી બનાવવામા આવશે.

સેન્ટ્રલ ઝૂ ઓથોરીટીના નોર્મ્સ મુજબ હાલના ઝૂના મોડીફિકેશન માટેનો પ્લાન બનાવવાની કામગીરી હાલમા ચાલી રહી છે.ઝૂમા રાખવામા આવેલા વાંદરા માટે મોટા પાંજરા બનાવવા ઉપરાંત હરણ,જળ બિલાડી અને મગરના પાંજરાઓનુ પણ મોડીફિકેશન કરવામા આવશે.મળતી માહીતી મુજબ, છેલ્લા ૩૪ વર્ષથી ઝૂમા ફરજ બજાવતા ઝૂના એડવાઈઝર ડોકટર આર કે શાહૂના કોન્ટ્રાકટના સમયમા વધુ એક વર્ષનો વધારો કરવા અંગે કોર્પોરેશન નિર્ણય લેવા જઈ રહયુ છે.વર્ષ-૨૦૨૩માં ગ્યાસપુર ખાતે આવેલી ૫૦૦ એકર જમીનમા રૂપિયા ૨૫૦ કરોડના ખર્ચે જંગલ સફારી પાર્ક અને બાયોડાયવર્સીટી પાર્ક બનાવવા તત્કાલીન સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનના સમયમા દરખાસ્ત પડતી મુકાઈ હતી.પરંતુ ફરી એક વખત હાલના કાંકરિયા ઝૂના એક્ષ્ટેન્શન તરીકે ગ્યાસપુર ખાતે જંગલ સફારી પાર્ક અને બાયોડાયવર્સીટી પાર્ક બનાવવા તજવીજ શરૃ કરાઈ છે. અમદાવાદમાં બાલવાટીકાના ખાનગીકરણ પછી ઝૂ અને નોકટરનલ ઝૂમાં બાયોલોજીસ્ટ ઉપરાંત એનીમલકીપર તથા ઝૂ ગાઈડની ખાલી પડેલી જગ્યા ઉપર આઉટ સોર્સિંગથી ભરતી કરવામા આવશે.શરૃઆતમાં એક વર્ષ માટે આપવામા આવનારી નિમણૂંક વધુ એક વર્ષ માટે લંબાવવા અંગે પણ નિર્ણય થઈ શકશે.

આ વર્ષે જુલાઈમા રુપિયા ૨૨ કરોડના ખર્ચથી નવેસરથી બનાવાયેલ કાંકરિયા બાલવાટીકાનુ લોકાર્પણ કરાયુ હતુ.કાંકરિયા ઝૂ ખાતે ખાલી પડેલી જગ્યાઓ કોર્પોરેશન તરફથી ભરવામા આવતી હોય છે. ઝૂ અને નોકટરનલ ઝૂમા એનીમલ રેકોર્ડ કીપીંગ અને રીસર્સ માટે એક બાયોલોજીસ્ટ ઉપરાંત પ્રાણીઓ અને પક્ષીઓ તેમજ સરીસૃપોની દેખરેખ તથા માવજત માટે બે એનીમલ કીપર તથા ઝૂમા આવતા મુલાકાતીઓને ઝૂ વિઝીટ કરાવવા ત્રણ ઝૂ ગાઈડ એક વર્ષના કોન્ટ્રાકટ બેઝ ઉપર લેવામા આવશે.નિમણૂંક પામનારને માત્ર અઠવાડીક રજા જ મળી શકશે.

### રાજ્યના અલગ-અલગ જિલ્લાઓમાં મુસાફરોને પોતના વતન જવા-આવવા માટે એક્સ્ટ્રા બસોનું સંચાલન

# દિવાળીના તહેવારને ધ્યાનમાં રાખીને જામનગર એસ.ટી.વિભાગ દ્વારા એક્સ્ટ્રા બસો શરૂ કરાશે

। પ્રતિનિધિ, જામનગર, તા.૧૫ ।

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ જામનગર દ્વારા દિવાળીના તહેવારોને ધ્યાને રાખીને સમગ્ર ગુજરાત રાજ્યના અલગ-અલગ જિલ્લાઓમાં મુસાફરોને પોતના વતન જવા-આવવા માટે એક્સ્ટ્રા બસોનું સંચાલન કરવામાં આવશે. જેમાં તા.૧૬/૧૦/૨૦૨૫ થી તા.૦૫/૧૧/૨૦૨૫ સુધી જામનગર એસ.ટી વિભાગ દ્વારા એક્સ્ટ્રા બસોનું સંચાલન કરવામાં આવશે. અને ડેપ ો ખાતેથી મુસાફરો આ સમયગાળા દરમિયાન એડવાન્સ બુકિંગ પણ કરાવી શકશે. જો એક જ ગ્રુપના ૫૧ થી વધુ મુસાફરો ગ્રુપ બુકિંગ કરાવશે તો એક્સ્ટ્રા બસની સુવિધા એસ.ટી નિગમ દ્વારા આપવામાં આવશે. માટે દિવાળીના તહેવાર દરમ્યાન જનતાને એસ.ટી બસોની સુવિધાનો વધુમાં વધુ લાભ લેવા એસ.ટી.જામનગરના વિભાગીય નિયામક દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

જે એક્સ્ટ્રા બસોનું સંચાલન કરવામાં આવશે તેના રૂટ અને ભાડુ જેમાં દ્વારકા-જામનગરનું ભાડું રૂ.૧૯૭, દ્વારકા-રાજકોટનું ભાડું રૂ.૨૬૯, દ્વારકા-પોરબંદરનું ભાડું રૂ.૧૬૭, દ્વારકા-સોમનાથનું ભાડું રૂ.૧૭૯, દ્વારકા-જુનાગઢનું ભાડું રૂ.૨૫૧, જામનગર-દાહોદનું ભાડું રૂ.૪૪૨, જામનગર-સંજેલીનું ભાડું રૂ.૪૧૮ તથા જામનગર-જુનાગઢનું ભાડું રૂ.૧૮૩ નક્કી કરવામાં આવ્યું છે.

## વડોદરાના માંજલપુરમાં જુગાર રમતા આઠ આરોપી ઝડપાયા

। પ્રતિનિધિ, વડોદરા, તા.૧૫ ।

માંજલપુર અલવા નાકા એવન્યુ કોમ્પલેક્સના પાંચમા માળે જુગાર રમવામાં આવી રહ્યો હોવાની માહિતીના આધારે પોલીસે રેડ પાડતા આઠ જુગારીઓ ઝડપાઇ ગયા હતા. માંજલપુર પોલીસે જુગારીઓ પાસેથી રોકડા, ૭ મોબાઈલ મળી કુલ રૃપિયા ૭૬,૮૭૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે.

પકડાયેલા જુગારીઓમાં (૧) રાહુલ અનિલકુમાર ગાંધી (રહે. ૫ એવન્યુ, અલવા નાકા) (૨) પ્રકાશ અશોકભાઇ શાહ (રહે. પાર્શ્વનાથ ફ્લેટ, નિઝામપુરા) (૩) વિશાલ પ્રકાશભાઇ અધ્યારૃ (૪) નંદકિશોર ઠાકોરલાલ શાહ (૫) સાજીદખાન અબ્બાસખાન પઠાણ (૬) ઈમરાનખાન ખાલીદખાન પઠાણ ( તમામ રહે. રાજપીપળા) (૭) રાજેશકુમાર ગણેશભાઈ પ્રજાપતિ (રહે. કેવડિયા કોલોની) તથા (૮) ગજેન્દ્ર છગનભાઈ માછી (રહે. માછીવાડ, તા. નાંદોદ) નો સમાવેશ થાય છે. માંજલપુર અલવા નાકા એવન્યુ કોમ્પલેક્સના પાંચમા માળે જુગાર રમવામાં આવી રહ્યો હોવાની માહિતીના આધારે પોલીસે રેડ પાડતા આઠ જુગારીઓ ઝડપાઇ ગયા હતા.

## અમદાવાદમાં લિથિયમ બેટરીના રિસર્ચ દરમિયાન બ્લાસ્ટ : ત્રણ યુવકો દાઝ્યા

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૫ ।

અમદાવાદના સરખેજ વિસ્તારમાં આવેલા એલ.જે કેમ્પસ રોડ પરના સેવી સ્ટ્રેટા એપાર્ટમેન્ટમાં વહેલી સવારે એક ગંભીર આગની ઘટના સામે આવી છે. માહિતી મુજબ, એપાર્ટમેન્ટના બી બ્લોકના એક ફ્લેટમાં લિથિયમ બેટરી પર રિસર્ચ ચાલી રહ્યું હતું, તે દરમિયાન વહેલી સવારે લગભગ ૩ વાગ્યે આ આગ લાગી હતી.આગની ઘટનાની જાણ થતાં તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવી હતી. જોકે આગ ફ્લેટમાં વધુ પ્રસરે તે પહેલાં તેના પર કાબૂ મેળવી લેવાયો હતો. આ દુર્ઘટનામાં રિસર્ચ સાથે જોડાયેલા ત્રણ યુવકો દાઝી ગયા હતા, જેમણે તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ઈજાગ્રસ્તો હાલ સારવાર હેઠળ છે. ફ્લેટના રહેવાસીઓએ આ અંગે પોલીસને પણ જાણ કરી હતી.આ આગની ઘટના બાદ સોસાયટીઓમાં ચાલતા પેઈંગ ગેસ્ટના મામલે સ્થાનિક રહીશોમાં ઉગ્ર નારાજગી જોવા મળી છે. રહીશોનો દાવો છે કે રહેણાક વિસ્તારના આ ફ્લેટ્સમાં ૯૦ ટકાથી વધુ PG ચાલી રહ્યા છે, જે રહેણાક હેતુ માટેના નિયમોનું ઉલ્લંઘન છે.સ્થાનિકોએ વધુમાં આક્ષેપ કર્યો છે કે સોસાયટીના ચેરમેન અને સેક્રેટરીઁ ના આ અનધિકૃત ધંધા મામલે અવાજ ઉઠાવતા સ્થાનિકોને ડરાવી-ધમકાવી રહ્યા છે. આ ઘટનાએ ફરી એકવાર રહેણાક સોસાયટીઓમાં ચાલતા કોમર્શિયલ પ્રવૃત્તિઓ અને તેની સુરક્ષાના મુદ્દાઓને ચર્ચાના કેન્દ્રમાં લાવી દીધા છે. અમદાવાદના સરખેજ વિસ્તારમાં આવેલા એલ.જે કેમ્પસ રોડ પરના સેવી સ્ટ્રેટા એપાર્ટમેન્ટમાં વહેલી સવારે એક ગંભીર આગની ઘટના સામે આવી છે. માહિતી મુજબ, એપાર્ટમેન્ટના બી બ્લોકના એક ફ્લેટમાં લિથિયમ બેટરી પર રિસર્ચ ચાલી રહ્યું હતું, તે દરમિયાન વહેલી સવારે લગભગ ૩ વાગ્યે આ આગ લાગી હતી.આગની ઘટનાની જાણ થતાં તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવી હતી.







## તંત્રી લેખ...

# ગામોથી લોકોની હિજરત

ઘટતી જતી આવકની વચ્ચે દેશના ગ્રામીણ વિસ્તારમાં રહેતા લોકો શહેરી વિસ્તારો તરફ કુચ કરી રહ્યા છે. ગ્રામીણ વિસ્તારોમાંથી શહેરોમાં પલાયન માટે અન્ય કેટલાક કારણો પણ રહેલા છે. થોડાક દિવસ પહેલા જ નેશનલ બેંક ફોર એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ (નાબાર્ડ)દ્વારા અખિલ ભારતીય. ગ્રામીણ સમાવેશી નાણાંકીય. સર્વેક્ષણના નવા હેવાલે તમામની ચિંતાને વધારી દીધી છે. આ રિપોર્ટમાં સાફ શબ્દોમાં કહેવામાં આવ્યુ છે કે કૃષિમાં સંલગ્ન પરિવારોની આવકમાં કૃષિ અને સહાયક ગતિવિધીની હિસ્સેદારી માત્ર ૪૩ ટકાની આસપાસ રહે છે. જ્યારે ૫૭ ટકા આવક મજુરી, નોકર અને અન્ય કારોબાર મારફતે આવે છે. એવા પરિવાર જે કૃષિમાં સામેલ રહેલા નથી તેમની સરેરાશ આવક પૈકી ૫૪.૨ ટકા મજુરી, ૩૨ ટકા સરકારી અને ખાનગી નોકરીમાંથી આવે છે. માત્ર ૧૧.૭ ટકા રકમ જ કારોબારથી મળે છે. જો કૃષિ અને બિન કૃષિમાં સામેલ પરિવારને ભેળવી દેવામાં આવે તો ગ્રામીણ ક્ષેત્રોમાં માત્ર ૨૩ ટકાની આવક જ કૃષિ મારફતે થઈ રહી છે જે ચિંતાજનક ચિત્ર રજૂ કરે છે. બાકીની ૭૭ ટકા આવક મજુરી, સરકારી અને ખાનગી નોકરી તેમજ અન્ય કારોબાર મારફતે આવક થઈ રહી છે. આ આંકડાથી જે ચિંતાજનક ચિત્ર ઉપસીને સપાટી પર આવે છે તે એ છે કે ગ્રામીણ વિસ્તારોમાં આવકની દ્રશ્ટિએ ખેતીની હાલત કફોડી બનેલી છે. જો કે કોઈ બે રીતે આંકડાની તુલના કરવાની બાબત યોગ્ય રહેતી નથી. છતાં ગ્રામીણ વિસ્તારો અને શહેરી વિસ્તારો વચ્ચે તુલના કરવાની બાબત કેટલીક રીતે સોર્સ રહેલા છે. ગામો અને શહેરી વિસ્તારો વચ્ચે તુલના કરવા માટે એક જ ક્ષેત્ર રહી જાય છે તે છે આવકના સાધન. કેન્દ્રિય આંકડાકીય મંત્રાલય સંગઠન ગ્રામો અને શહેરોમાં આવકના આંકડા નિયમિત રીતે પ્રકાશિત ન કરવાના કારણે સ્થિતી પર યોગ્ય તારણ કાઢવા સરળ નથી. છતાં સ્થિતી જટિલ તરીકે ઉભરી રહી છે. નાબાર્ડે સર્વેના તારણ જારી કર્યા છે. નાબાર્ડના સર્વેક્ષણ મુજબ ૫૦ હજારથી ઓછી વસ્તીના ગામો શહેરોના કુલ ૨૧.૧૭ કરોડ પરિવારોમાં માત્ર ૧૦.૦૭ કરોડ જ કૃષિ આધારિત પરિવાર છે. આ એવા લોકો છે જેમની પાસે પરિવારના કોઈ એક સભ્યની આવક પાંચ હજારથી વધારે છે. વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરીના આંકડા મુજબ દેશમાં ૬૮.૮ ટકા વસ્તી ગ્રામીણ વિસ્તારમાં રહે છે. થોડાક વર્ષ પહેલા સુધી શહેરી પ્રતિ વ્યક્તિ આવક ગ્રામીણ પ્રતિ વ્યક્તિ આવકથી નવ ગણી વધારે હતી. આંકડા શહેરી વિસ્તારમાં રહેતા લોકો અને ગ્રામીણ વિસ્તારમાં રહેતા લોકો વચ્ચે વધતા જતા અંતરને સાબિત કરે છે. સાથે સાથે નિતી નિયમો તૈયાર કરનાર લોકો માટે ચિંતાજનક પણ છે. ગ્રામીણ વિસ્તારમાંથી શહેરી વિસ્તારમાં લોકોની હિજરત માટેના એક મુખ્ય કારણ તરીકે આને ગણી શકાય છે. ગ્રામીણ વિસ્તારમાં રહેતા લોકો હવે ખેતીની અવગણના કરીને શહેરી વિસ્તારમાં આવી રહ્યા છે. આ પ્રવાહ જારી રહે તે યોગ્ય નથી. ગ્રામીણ વિસ્તારમાં રહેતા લોકોની આવક સતત વધે તે જરૂરી છે.

## હાલના સમયમાં યુવા વર્ગમાં પણ હાર્ટ રોગ સંબંધિત કેસો સતત વધી રહ્યા છે

ખરાબ લાઈફસ્ટાઈલના કારણે આધુનિક સમયમાં હાર્ટ સંબંધિત દર્દીઓના કેસમાં વધારો થઈ રહ્યો છે. ખરાબ લાઈફસ્ટાઈલના કારણે યુવાનો પણ હાર્ટના રોગના શિકાર થઈ રહ્યા છે. દિલ્હીમાં પટપડગંજમાં સ્થિત મેક્સ હોસ્પિટલના હાર્ટના નિષ્ણાંત તબીબના કહેવા મુજબ ખરાબ લાઈફસ્ટાઈલ ઘાતક બની રહી છે. ખરાબ લાઈફસ્ટાઈલ અને અવ્યવસ્થિત રીતના કારણે દર્દીઓ પરેશાન થયેલા છે. દર્દીઓની સંખ્યામાં સતત વધારો થતા આને લઈને ચિંતા વધી રહી છે. શહેર અને ગ્રામીણ વિસ્તારમાં એક સમાન તકલીફ વધી રહી છે. એવુ પણ જાણવા મળી રહ્યુ છે કે યુવા વર્ગમાં ખતરો સતત વધી રહ્યો છે. પુરૂષ અને મહિલા બન્ને માટે આ બાબત ખતરનાક બનેલી છે. નિષ્ણાત તબીબો કહે છે કે સૌથી વધુ મોત દુનિયામાં હાર્ટ અટેક અને હાર્ટ ફેલ થવાના કારણે થાય છે. વિશ્વભરમાં આશરે ૧.૭૦ લાખ લોકોના મોત હાર્ટની બિમારીના કારણે થાય છે. આવી જ રીતે ભારતમાં ૩૦ લાખ લોકોના મોત સીવીડી કાર્ડિઓ વેસ્ક્યુલર બિમારીના કારણે થાય છે. જેમાં હાર્ટ અટેક અને હાર્ટ સ્ટ્રોક પણ સામેલ છે. નિષ્ણાંત તબીબો કહે છે કે સામાન્ય રીતે વ્યસ્ત રહેલી લાઈફસ્ટાઈલના કારણે યુવા શારરિક ગતિવિધી પર વધારે ધ્યાન આપી શકતા નથી. જેના કારણે કાર્ડિયોવેસ્કુયલર ડીસિઝ, ટાઈપ બે ડાયાબિટીસ અને સ્થુળતા જેવી બિમારીનો ખતરો બે ગણો રહે છે. તે હાઈ બ્લડ પ્રેશર લિપિડ લેવલ્સને પણ વધારી દે છે. જે સીધી રીતે હાર્ટની બિમારી સાથે જોડાયેલ રહે છે. હાથમાં જુદા જુદા પ્રમાણમાં બ્લડપ્રેશરના સીધા સંબંધ હાર્ટ એટેકના ખતરા સાથે છે. ડાબા હાથમાં રહેનાર બ્લડપ્રેશર જમણા હાથ કરતાં અલગ છે તો હાર્ટ એટેક અથવા તો સ્ટ્રોકનો હુમલો થવાનો ખતરો રહેલો છે. આજે પ્રકાશિત કરવામાં આવેલા નવા લેન્ડસેટમાં આ મુજબની વાત કરવામાં આવી છે. આમા જણાવવામાં આવ્યું છે કે હાથની વચ્ચે જુદા જુદા બ્લડપ્રેશરનું પ્રમાણ વેસક્યુલર રિસ્ક અને મોત વચ્ચે સીધા સંબંધ ધરાવે છે. આ પ્રકારના તારણો બંને હાથના બ્લડપ્રેશરની ચકાસણી માટે કરવામાં આવતી વાતને સમર્થન આપે છે. હાથની વચ્ચે પ્રતિકાત્મક બ્લડપ્રેશર અલગ અલગ હોવાની સ્થિતિમાં ચકાસણીની વાત કરવામાં આવ્યા બાદ વધુ પરિક્ષણ કરવામાં આવી રહ્યા છે. અભ્યાસના ભાગરૂપે જુદા જુદા બ્લડપ્રેશરને આવરી લેતા ૨૮ પેપરોની ચકાસણી કરવામાં આવી હતી. આમા જાણવા મળ્યું કે ૧૫ એમએમ એચજી અથવા તો વધુના અંતરનો સીધો સંબંધ વેસક્યુલર રોગના ખતરા સાથે સંબંધિત છે. લોહીના પુરવઠાનો પણ આની સાથે સીધો સંબંધ છે.સામાન્ય રીતે અમે એક હાથમાં બીપીની ચકાસણી કરાવીએ છીએ. ડાયાબીટીશના કેસમાં અમે બંને હાથ અને પગમાં ચકાસણી કરાવીએ છીએ. સામાન્ય રીતે ભારતમાં ૩૦ ટકા દર્દીઓના બંને હાથ વચ્ચે ૧૦ એમએમ એચજી અંતર છે. જો કે બંને હાથમાં બીપી ચકાસણી એક સામાન્ય કવાયત છે.



**આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર કેન્દ્રિત પ્રસિદ્ધ અમેરિકન મેગેઝિન ફોરેન પોલિસીમાં પ્રકાશિત થયેલા એક લેખમાં**

**મધ્ય પૂર્વમાં "મહત્વપૂર્ણ રાષ્ટ્ર" તરીકે ભારતના ઉદયને છેલ્લાં થોડાં વર્ષોમાં આ વિસ્તારમાં સૌથી વધુ રસપ્રદ ભૂરાજકીય ઘટનાઓ પૈકીની એક તરીકે ગણાવવામાં આવી છે.**

# મધ્ય પૂર્વમાં 'મહત્વપૂર્ણ રાષ્ટ્ર' તરીકે ભારતનો ઉદય થયો છેઃ અમેરિકાનાં મેગેઝિન ફોરેન પોલિસીમાં દાવો

**મધ્ય પૂર્વમાં ઇઝરાયેલ, સાઉદી અરેબિયા અને યુએઇ સહિત મહત્વપૂર્ણ દેશો સાથે ભારતનાં સંબંધો સતત વિકસી રહ્યાં છે અને વધારે ગાઢ થઈ રહ્યાં છે.**

આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર કેન્દ્રિત પ્રસિદ્ધ અમેરિકન મેગેઝિન ફૉરેન પોલિસીમાં પ્રકાશિત થયેલા એક લેખમાં મધ્ય પૂર્વમાં "મહત્વ પૂર્ણ રાષ્ટ્ર" તરીકે ભારતના ઉદયને છેલ્લાં થોડાં વર્ષોમાં આ વિસ્તારમાં સૌથી વધુ રસપ્રદ ભૂરાજકીય ઘટનાઓ પૈકીની એક તરીકે ગણાવવામાં આવી છે. આ લેખમાં પ્રકાશ ફેંકવામાં આવ્યો છે કે, મધ્ય પૂર્વમાં ઈઝરાયેલ, સાઉદી અરેબિયા અને યુએઈ સહિત મહત્વપૂર્ણ દેશો સાથે ભારતનાં સંબંધો સતત વિકસી રહ્યાં છે અને વધારે ગાઢ થઈ રહ્યાં છે. તેમાં ભારપૂર્વક જણાવવામાં આવ્યું છે કે, ભારતનાં મહત્વમાં વધારો આંતરરાષ્ટ્રીય સ્થિતિસંજોગોમાં પરિવર્તન તથા નવી બહુધ્રુવીય દુનિયામાંથી લાભ લેવાની આ દેશોની ઈચ્છા અને કદાચ તેમની આતુરતાને પણ પ્રતિબિંબિત કરે છે. આ લેખના લેખક સ્ટીવન એ કૂકે દલીલ કરી છે કે, આ પ્રકારનાં ઘટનાક્રમમાં અમેરિકા બહુ ઓછી અસરકારક ભૂમિકા ભજવી શકે છે, પરંતુ કદાચ એમાંથી વિરોધાભાસી રીતે ફાયદો મેળવી શકે છે. "જો મધ્ય પૂર્વમાંઅમેરિકાનાં ભાગીદાર દેશો અમેરિકાનાં વિકલ્પનો વિચાર કરતાં હોય, તો ભારત તેમાં મોખરાનું સ્થાન ધરાવે છે એ વધારે સારી બાબત છે." લેખકે ભારપૂર્વક જણાવ્યું છે કે, "અમેરિકા આ વિસ્તારમાં હવે સૌથી વધુ શક્તિશાળી મહાસત્તા તરીકે તેનું સ્થાન ન



જાળવી શકે એવું બની શકે છે, પણ જ્યાં સુધી મધ્ય પૂર્વમાં ભારતનો પ્રભાવ વધતો રહેશે, ત્યાં સુધી રશિયા કે ચીન, બેમાંથી કોઈ પણ અમેરિકાનું સ્થાન નહીં લઈ શકે કે એના જેવી ભૂમિકા નહીં ભજવી શકે." આ લેખમાં લેખકે લગભગ એક દાયકા અગાઉ લીધેલી ભારતની પોતાની મુલાકાતને યાદ કરીને જણાવ્યું છે કે, ઊડીને આંખે વળગે એવી વાત એ હતી કે, એ સમયગાળામાં ભારતીયો મધ્ય પૂર્વમાં મોટી ભૂમિકા ભજવવા ઈચ્છતાં નહોતાં. તેમણે જણાવ્યું હતું કે, જોકે તેમની આ મુલાકાતનાં ૧૦ વર્ષમાંસ્થિતિસંજોગો બદલાઈ ગયા છે. કૂકે લખ્યું હતું કે, "જ્યારે અમેરિકાના અધિકારીઓ અને વિશ્લેષકો ચીનના દરેક રાજદ્વારી પગલાં પર બારીક નજર રાખી રહ્યાં છે તેમજ મધ્ય પૂર્વમાં ચીનનાં રોકાણને શંકાને નજરે જુએ છે, ત્યારે વોશિંગ્ટને આ વર્ષોમાં અહીં સૌથી વધુ રસપ્રદ ભૂરાજકીય ઘટનાક્રમો પૈકીની એકને નજરઅંદાજ કરી છેઃ મધ્ય પૂર્વમાં મહત્વપૂર્ણ પ્રભાવશાળી પરિબળ તરીકે ભારતનો ઉદય." લેખમાં જણાવવામાં આવ્યું હતું કે, જ્યારે ખાડીનાં દેશોની વાત આવે છે, ત્યારે સંયુક્ત આરબ અમિરાત અને સાઉદી અરેબિયા ઝડપથી ભારત સાથે સંબંધોને ગાઢ બનાવવાની વિવિધ રીતો શોધી રહ્યાં છે. લેખમાં ઉમેરવામાં આવ્યું છે કે, આ એક મહત્વપૂર્ણ પરિવર્તન છે, કારણ કે બંને દેશો, ખાસ કરીને સાઉદી અરેબિયા, લાંબા સમયથી પાકિસ્તાન સાથે ગાઢ સંબંધ ધરાવે છે. તેમાં નોંધવામાં આવ્યું છે કે, ભારત તરફ ઝુકાવનું કારણ આંશિક રીતે ઈસ્લામિક કટ્ટરવાદને નિયંત્રણમાં રાખવાના સહિયારા હિતમાં રહેલું છે, પરંતુ મુખ્ય કારણ ભારત સાથે સંબંધોમાં રહેલાં આર્થિક હિતો છે. લેખમાં જણાવવામાં આવ્યું છે કે, ભારત અને આ બને દેશો વચ્ચે વધી રહેલાં આર્થિક સંબંધો આ વાતનોપુરાવો છે. લેખમાં ઈઝરાયેલ સાથે ભારતનાં ગાઢ સંબંધો વિશે જણાવવામાં આવ્યું હતું કે, આ સંબંધો કદાચ મધ્ય પૂર્વમાં ભારતનાં સૌથી સારી રીતે વિકસેલા સંબંધો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વર્ષ ૨૦૧૭માં ઈઝરાયેલની મુલાકાત લેનાર પ્રથમ ભારતીય પ્રધાનમંત્રી બન્યાં પછી તથા એનાં એક વર્ષ પછી ઈઝરાયેલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતાન્યાહૂએ ભારતની મુલાકાત લીધા બાદ બંને દેશો વચ્ચે વિવિધ ક્ષેત્રોમાં સંબંધો ઝડપથી વિકસી રહ્યાં છે, ખાસ કરીને અદ્યતન ટેકનોલોજી અને સંરક્ષણ ક્ષેત્રોમાં. કૂકે જણાવ્યું છે કે, અગાઉ ભારતનો વ્યવસાયિક સમુદાય ઈઝરાયેલમાં રોકાણ કરવાનું ટાળતો હતો, ખાસ કરીને દેશનાં નાનાં બજાર અને વિવાદાસ્પદ રાજકારણને ધ્યાનમાં રાખીને (ભારતમાં ઘણા લોકો માટે). તેમણે ઉમેર્યું છે કે, હવે આ ભારતીય સમુદાયમાં પણ ઈઝરાયેલ પ્રત્યેનો અભિગમ બદલાઈ શકે છે. લેખમાં જણાવવામાં આવ્યું હતું કે, અદાણી ગ્રૂપ અને એનાં ઈઝરાયેલનાં ભાગીદારે વર્ષ ૨૦૨૨માં ૧.૨ અબજ ડોલરમાં હાઈફા પોર્ટનું ટેન્ડર મેળવ્યું હતું તથા ભારત અને ઈઝરાયેલ વચ્ચે મુક્ત વેપાર સમજૂતી માટે પણ વાટાઘાટો ચાલી રહી છે. લેખમાં ઉમેરવામાં આવ્યું હતું કે, "ચોક્કસ, ભારત અને ઈઝરાયેલ વચ્ચેનાં સંબંધો જટિલ છે. ભારતે પેલેસ્ટાઈનવાસીઓને સતત સમર્થન આપ્યું છે; ઈરાન સાથે પણ ભારત મૈત્રીપૂર્ણ સંબંધો ધરાવે છે, જેની પાસેથી ભારત મહત્વપૂર્ણ જથ્થામાં ઓઈલની ખરીદી કરે છે; અને ભારતનો ભદ્ર વર્ગ પોતાનાં દેશનાં સંસ્થાનવાદી અનુભવની દ્રષ્ટિએ ઈઝરાયેલને જુએ છે." મોદીએ તાજેતરમાં ઈજિપ્તની બે દિવસની મુલાકાત લીધી હતી. એનો સંદર્ભ ટાંકીને લેખ જણાવે છે કે, તમામ દ્રષ્ટિએ ભારત અને ઈજિપ્તવચ્ચે ગાઢ થઈ રહેલાં સંબંધોમાં આ મુલાકાત એક નવું પ્રકરણ હતું. આ મુલાકાતનાં છ મહિના અગાઉ ભારતનાં ૭૪મા પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં ઈજિપ્તના રાષ્ટ્રપતિ અબ્દેલ ફત્તાહ અલ-સિસિ ગેસ્ટ ઑફ ઑનર બન્યાં હતાં – જે ઈજિપ્તમાં સત્તાનાં સૂત્રો સંભાળ્યાં પછી તેમની ભારતની ત્રીજી મુલાકાત હતી. લેખમાં ઉમેરવામાં આવ્યું હતું કે, ચીનની જેમ ભારત પણ પોતાની ચીજવસ્તુઓનીનિકાસ આફ્રિકા અને યુરોપમાં કરવા ઈજિપ્તને પ્રવેશદ્વાર ગણે છે. લેખકે લખ્યું છે કે, ચીન સાથે મહાસત્તાની સ્પર્ધાનાં દ્રષ્ટિકોણથી આ વિસ્તારમાં ભારતની વધતી ભૂમિકાથી અમેરિકાનાં નીતિનિર્માતાઓ અને વિશ્લેષકો ખુશ છે. લેખમાંજણાવવામાં આવ્યું છે કે, મધ્ય પૂર્વમાં ચીનનાં વધતા પ્રભાવને નિયંત્રણમાં રાખવા ભારત વધારે સહાયક બનશે.



**ઓફિસમાં લાંબા સમય સુધી બેસતા લોકોને આવરીને અભ્યાસ...**

**લાંબા સમય સુધી એક જગ્યાએ બેઠા રહેવાની સ્થિતીમાં પેરામાં વિકલાંગતા પણ આવી શકે છે આ અભ્યાસના તારણ ઇંગ્લેન્ડની લિવરપુલ જહોન મુરે યુનિવર્સિટી દ્વારા જારી કરવામાં આવ્યા છે**

# લાંબા સમય બેસવાથી મેમરી લોસ

**લાંબા સમય સુધી બેસતા લોકોના દિમાગના આરોગ્યને નુકસાન થાય છે : સતત બેસી રહેવાની બાબત સ્મોકિંગ જેમ જ ખુબ ખતરનાક છે**

જો તમે ઓફિસ પર સિટિંગ જોબ કરી રહ્યા છો તો તમને થોડીક સાવધાની રાખવાની જરૂર છે. લાંબા સમય સુધી એક જગ્યાએ બેસી રહેવાની સ્થિતીમાં કેટલાક નુકસાન રહેલા છે. આના કારણે મેમરી નોસ પણ થઈ શકે છે. લાંબા સમય સુધી એક જગ્યાએ બેઠા રહેવાની નોકરીના કારણે દિમાગમાં લોહીના સંચારને ધીમે કરી દેવામાં ભૂમિકા અદા કરે છે. તેના પરિણામ ખુબ ઘાતક હોઈ શકે છે. હાલમાં ઓફિસમાં કલાકો સુધી એક જગ્યા બેસીને કામ કરનાર લોકોને આવરી લઈને અભ્યાસ કરવામાં આવ્યા બાદ તેના તારણ જારી કરવામાં આવ્યા છે. જે ઘાતક છે. તેમાં કહેવામાં આવ્યુ છે કે લાંબા સમય સુધી બેઠા રહેવાની બાબત દિમાગના આરોગ્ય માટે નુકસાનકારક છે. પરંતુ જો વચ્ચેના ગાળામાં અડધા કલાક ઉભા થઈને બે મિનિટ માટે ફરી તો તેના કારણે ફાયદો થાય છે. જેના કારણે દિમાગમાં લોહીના સંચારમાં વધારો થાય છે. દિમાગમાં લોહી સંચાર



થવાની બાબત સામાન્ય પ્રક્રિયા તરીકે છે. જે લાઈફ માટે ખુબ જ જરૂરી છે. તેના કારણે જ બ્રેઈન ઓળખવાનુ કામ કરે છે. દિમાગની કોશિકાને પણ લોહી અને ઓક્સીજન તેમજ પોષક તત્વોની જરૂર હોય છે. જે લોહીના કારણે તેને મળે છે. આ ઉપરાંત દિમાગમાં કેટલીક અન્ય રક્ત વાહીનિ પણ હોય છે. જે માથાને લોહી પહોંચાડી દેવાનુ કામ કરે છે. પરંતુ લાંબા સમય સુધી એક જગ્યાએ બેસી રહીને કામ કરવાની સ્થિતીમાં નુકસાન થાય છે. લાંબા સમય સુધી એક જગ્યાએ બેસી રહેવાની સ્થિતીમાં આ પ્રક્રિયાને અસર થાય છે. આના પહેલા માનવી અને પ્રાણીઓને આવરી લઈને કરવામાં આવેલા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે દિમાગમાં જો લોહીના સંચારમાં થોડીક પણ અડચણો આવે તો વિચારવાની ક્ષમતા પર સીધી અસર થાય છે. મેમરી પર પ્રભાવ થાય છે. જ્યારે લાંબા સમય સુધી અટકી જવાની સ્થિતીમાં દિમાગ સંબંધિત બિમારીને જન્મ આપવાનો ખતરો વધી જાય ચે. તેમાં ડિમેન્શિયા અને મેમરી લોસનો ખતરો રહે છે. લાંબા સમય સુધી બેઠા રહેવાને લઈને કેટલાક અભ્યાસ કરવામાં આવી ચુક્યા છે. જેમાં કહેવામાં આવ્યુ છે કે સતત બેઠા રહેવાની સ્થિતીમાં શરીરના તમામ હિસ્સામાં લોહીના સંચારમાં અસર થાય છે. આમાં સૌથી વધારે અસર પગમાં થાય છે. લાંબા સમય સુધી એક જગ્યાએ બેઠા રહેવાની સ્થિતીમાં પેરામાં વિકલાંગતા પણ આવી શકે છે.

# વૃક્ષનાં મૌનમાં માનવતાની સુગંધ, હરખનાં ગીતનું સ્પંદન...



**મન ઉપવન**

મુકેશ આંજણા

ઈશ્વર અને વૃક્ષમાં ઘણો ફરક નથી.વૃક્ષ એ જોઈ શકાય તેવું ઈશ્વરનું સ્વરૂપ છે. સદીઓથી વૃક્ષ મૌન છે. ઈશ્વરની પૂજા-આરાધના કરીએ છીએ. જેવી રીતે વૃક્ષની પણ આપણે પૂજા-આરાધના કરતાં રહેવું જોઈએ. મૌન હોવું એમાં દેવત્વનો ગુણ હોય છે. દેવત્વનો ગુણ હોય ત્યાં માનવતાનું ધામ હોય છે. વૃક્ષનાં મૌનમાં માનવતાની સુગંધ છે, હરખાંના ગીતનું સ્પંદન છે. મૌન અને માનવતાનો સમન્વય થાય ત્યારે માણસ વિનય બને છે. મૂળ વાત કરવી છે વૃક્ષની સુંદરતા વિશે વૃક્ષએ કરૂણાની મૂર્તિ છે. વૃક્ષ કોઈ દિવસ ચીસ પાડતું નથી કે કોઈ દિવસ ફરિયાદ કરતું નથી. વૃક્ષને કોઈ દિવસ અણગમો આવ્યો હોય તેવું સાંભળ્યું નથી ! વૃક્ષ સર્વધર્મનું પ્રતિક છે, બધાને સમાન આદરભાવ આપે છે. મા પીતાના બાળકને જેટલો પ્રેમ કરે છે. એટલો વૃક્ષ પક્ષીઓને પ્રેમ કરે છે. વૃક્ષ પંખીઓનું સંસ્કારથી શોભિત ઘર છે. પંખીઓ મનફાવે તેમ વૃક્ષની ડાળી પર બેસીને ખુશીનાં ગીત ગાઈ શકે છે. જગતનાં ઘમા માણસો જીવન જીવવાનો જુસ્સો ગુમાવી બેસે છે. જીવનના આંગણાની લીલાશ ખોઈ બેસે છે ખૈર, માણસની દષ્ટિ ગલત છે વૃક્ષની સામે દષ્ટિ કરી છે ? કેટલું બધુ સહન કરીને છાંયડો આપે છે, પાંદડા ખુશીથી મલકાતાં રહે છે. વૃક્ષે માણસ જાત પર ઘણો ઉપકાર કર્યો છે. તે વિજ્ઞાન સારે પેઠે જાણે છે. વૃક્ષમાં સુખનું સંગીત છે. સારા વિચારપોનો ખજાનો છે. સહન શક્તિનો ભંડાર છે. વૃક્ષમાં નિખાલસતા છે. પાંદડે-પાંદડે કોમળતા છે. માનવતાપણાનું તેજ છે. વરસાદની મોસમ ચાલે છે. વરસાદ વરસે એ જોઈ શકાય તેવો મચત્કાર છે. વરસાદની ઋતુમાં ઘણી બધી બાબતો નિહાળવા જેવી છે. કોઈ દિવસ વરસતા વરસાદમાં પલળતું વૃક્ષ જોયું છે ? ઘરની બારીમાંથી વરસાદ વરસ્યા પછી વૃક્ષનું રૂપ જોયું છે ? વરસાદની ઋતુમાં વૃક્ષ પોતાના કુટુંબ સાથે મુસ્કુરાતું હોય છે. જીવન વૈભવનાં ગીત ગાતું હોય છે. વરસાદની ઋતુમાં વૃક્ષ આત્માની પવિત્રતાનો ખ્યાલ આપે છે. બરાબર એકીટસે વૃક્ષ સામે જોશો તો ખ્યાલ આવશે કે તે કેટલું માસૂમ છે. કેટલું સત્યપ્રિય છે. વરસાદની ઋતુમાં પલળવાની સાથે બીજું ઘણું બધું જોવા મળે છે. વરસાદ વરસ્યા પછી વૃક્ષનાં પાંડદાં પરથી પાણીનાં બુંદ નીચે પડે તેમાં પ્રકૃતિતત્વ સમાયેલું છે. વૃક્ષ રોમેરોમ વરસાદમાં ભીંજાય છે ત્યારે ઉત્સવનો તિમિર ચારેબાજુ ફેલાય છે. વૃક્ષ સુંદરતાનો બગીચો છે. સૌંદર્યની મીમાંશા છે. વરસાદની ઋતુમાં વૃક્ષની સુંદરતા જોવાનું ચૂકી જનારા માણસોને કયા ઉપનામથી નવાજવા તે વિચારવાનું રહ્યું. વરસાદ વરસ્યા પછી વૃક્ષની સુંદરતા જે માણસો જોતા નથી તે લોકો જીવનમાં ઈશ્વરનાં દર્શન કરવાનો લ્હાવો ગુમાવે છે. વૃક્ષ પાસે આશીર્વાદ આપવા માટે શબ્દો હોય છે. વરસાદની ઋતુમાં વૃક્ષ પાસે હર્ષ-ઉલ્લાસનાં ગીતો હોય છે. જિંદગી ઘણી વખત દુઃખનાં કશકથી ઊભરાઈ જાય



છે. આખરે માણસ વિચારે છે, અથાગ મહેનત કરે છે, પૈસા કમાય છે, જીવનની મંઝિલ સુધી પહોંચવાની કોશિશ કરે છે, છતાં આત્મશાંતિ કેમ ઈચ્છે છે ? વૃક્ષ પાસેથી આત્મશાંતિ મળે છે. જીવનની સાચી મૂંડી આત્મશાંતિ છે. અંગ્રેજી ઓથર રસ્કિન બોર્ડએ કહ્યું છે, 'લાઈફમાં ઘણી વખત ચિંતામાં ડૂબી જાઉં છું અને દુનિયા સાથે મારો સંબંધ નકામો લાગવા માંડે ત્યારે મને જગત વહાલું લાગવા માંડે છે અને આત્મશાંતિ મળે છે.' ધરતીનું રૂપ વૃક્ષમાં છે. વૃક્ષ હોય ત્યાં ધરતીની બ્યુટીમાં વધારો થાય છે. જે લોકોના ઘરની સામે વૃક્ષ ન હોય તેવા માણસોને શું કહેવું તે અઘરું છે. વૃક્ષની સેવા થવી જોઈએ. સેવા થાય ત્યાં માનવતાનાં મૂળ આપમેળે મજબૂત થાય છે. વૃક્ષમાં સ્વાર્થ નથી. સ્વાર્થ ન હોય ત્યાં પ્રેમ હોય છે. પ્રેમ છે ત્યાં બધુ છે. રવિન્દ્રનાથે પોતાના પુસ્તક 'ફાયર ફલાઈઝ'માં લખ્યું છે, 'વૃક્ષોનો હું આભારી છું. એમણે મારી જિંદગી સફળ બનવી છે. જેણે મને લીલોછમ રાખ્યો છે.' વૃક્ષની ભાષામાં માનવતા છે સેવા કરવાનો ભાવ છે. સેવા કરવાનો ભાવ હોય ત્યારે માનવતાનાં દીવો પ્રગટી ઉઠે છે. માનવતાનો દીવો પ્રગટે છે ત્યાં વહાલનો દરિયો રેલાય છે. વૃક્ષનાં પાંદડાઓમાં ઘણું બધુ જોવા લાયક છે. પાંદડાંમાં ખુશ રહેવાનો સ્વભાવ છે, રૂપાળુ, સંસ્કારી અને લાગણીથી છલોછલ ઘર છે. વૃક્ષનો પણ એક પરિવાર છે. દરેક સભ્યમાં માનવતાની સુગંધ ભરેલી છે. થડ પાસે ભાર કેવી રીતે ઉચકવો તેનું નોલેજ છે. વૃક્ષ ઘણું શાંત છે. રાત્રિનાં સમયમાં વૃક્ષનું શાંતચિત્ત જોવા જેવું છે. તેમાં ધીમે ધીમે સુરીલા સંગીતનો અવાજ સંભળાશે. રાત્રિવેળાએ વૃક્ષ ઈશ્કનાં ગીતો ગાય છે. પવનના સુસવાટા સાથે રાત્રિના સમયમાં વૃક્ષ પ્રેમમાં ગળાડૂબ હોય છે. રાત્રિનાં સમયમાં વૃત્ર એકબીજી ડાળી સાથે વાત કરે છે. પ્રેમનો સ્પર્શ કરે છે. ખુશીથી જીવન વીતાવે છે. ઈશ્વરની ઈબાદત કરે છે. મૌન રહી વિશ્વ માનવનું પથદર્શક બને છે. વૃક્ષ એટલે બીજું કંઈ નહીં પણ બધા ધામનાં દર્શન કરી શકાય તેવું ધામ છે. કવિ સુરેશ દલાલે મંગેશ પાણાંવકરનાં કાવ્યો અનુવાદ કર્યા છે. જેમાં વૃક્ષ વિશેનું કાવ્ય છે. 'વૃક્ષ પંખી સાથે ખોટું બોલે નહીં, એથી જ તો વૃક્ષને ફૂલે આવે છે. જેમનું હૃદય વૃક્ષાનું તેમને જ ફક્ત ફૂલો આવે છે. તેજ ફક્ત ગુચ્છા જેવા ચોમાસાને સૂંઘીલે, વૃક્ષ એ સત્યપ્રિય છે. વરસોથી વૃક્ષ સત્ય બોલતું આવે છે. વૃક્ષનાં સ્વભાવમાં જૂઠ નથી. વૃક્ષનાં સ્વભાવમાં પોતે ખુદ દુઃખ સહન કરીને બીજાને સુખ આપવાનો ગુણ રહેલો છે. વૃક્ષ કોઈ દિવસ પંખીઓને જાકારો આપતું નથી. કારણ કે વૃક્ષનો સ્વભાવ આસરો આપવાનો છે. જૂઠ ન બોલનાર સુગંધીદાર હોય છે. વૃક્ષ જેવું હૃદય છે તેવા માણસો પ્રેમ કરવા લાયક બને છે. ગામડાંનો માણસ ઉનાળાની બપોર વિશે બરાબર જાણતો હશે. રંગીલા રાજસ્થાનમાં ક્યાંક બાવળ કે ખેડજો દેખાય એને મજૂરી કરીને પોતાનું પેટ ભરનાર મજૂરો પોતાનાં નાનાં બાળનું ઘોડીયું વૃક્ષની ડાળી પર બાંધે છે. વૃક્ષ નાના બાળકને જાણે હાલરડાં સંભળાવતું હોય છે. વૃક્ષ પાસે ઉપદેશની કિતાબ છે, જ્ઞાનની નદી છે, સદ્ભાવ વૃક્ષનું સત્ય છે. ઉનાળામાં પક્ષીઓને વૃક્ષ ઠંડક આપે છે, વટેમાર્ગુ માટે સંગાથનો સહારો બને છે. વૃક્ષ બીજાને સુખ આપવામાં કર્મ માને છે. એટલે તે માનવતાનું મંદિર છે. વૃક્ષ એ પ્રકૃતિની નાભિ છે. પ્રકૃતિ સર્વ આનંદ આવી જાય છે. અમેરિકામાં ઈ.સ.૧૮૧૭ થી ૧૮૬૨ વચ્ચે મહાન ફિલોસોફર હેનરી ડેવિડ થોરો થઈ ગયો. થોડો બનાવટીપન અને ઘણી બધુ રૂઢિયોનો સખત વિરૂદ્ધ હતો. એક દિવસ ભીડ ભર્યું શહેર છોડીને વોલ્ડન, સરોવર પાસે રહેવા આવી જાય છે. સરોવરની આસપાસ કુદરતી નજરો છે. ઘટાદાર વૃક્ષો ઉભા છે. પોતાની જગપ્રસિદ્ધ કિતાબ 'વોલ્ડન'માં લખ્યું છે, 'માણસ પ્રકૃતિ પાસેથી જીવન જીવવાની પદ્ધતિ શીખી શકે છે. માણસ પ્રકૃતિની ઉદારતા ઓળખી લે તો જીવનમાં ભરપુર આનંદ માણી શકે છે. વૃક્ષની જોડે વાત કરવાથી હૃદયમાં સુખની અનુભૂતિ થાય છે.' ... હા, હોસ્ટેલની બારીએથી દરરોજ વૃક્ષ જોવું છું. વૃક્ષનાં દર્શન કરીને ધન્યતા અનુભવું છું. ઈશ્વરનું બાળક છે તેવું મને લાગ્યા કરે છે. વૃક્ષ વિશે લખવા બેસું તો શબ્દ ઓછા પડે. હવે મૂળ વાત પર આવીને કમસીબની વાતએ છે કે વૃક્ષો કપાતા જાય છે. ભૌતિકવાદનાં માહોલ છે. વૃક્ષનો સરેઆમ દુરઉપયોગ થાય છે. વૃક્ષએ આપણી સંસ્કૃતિનું અસ્તિત્ત્વ છે. સંસ્કૃતિનું અસ્તિત્ત્વ અલોપ થતું જાય ત્યારે બેચે છે શું ? વૃક્ષનો ઉછેર કરવો જોઈએ. આપણે બધાને ભાગીદાર થવું પડશે. વૃક્ષની માવજત કરવી પડશે. બસ, આજથી સંકલ્પ કરો જીવનમાં કોઈ પણ સંજોગે એક વૃક્ષનો ઉછેર કરીશું. વૃક્ષનો છોડ રોપવા માટે બેસ્ટ ઓફ લક.



Cyber Octet™

CYBER SECURITY AND
ETHICAL HACKING
TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST
WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

## WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

## ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com



સરહદ પર ફરી હિંસક અથડામણ

# પાકિસ્તાની હુમલામાં ૧૨ અફઘાન નાગરિકો માર્યા ગયા

। કાબુલ, તા.૧૫ ।

પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે હિંસક અથડામણ ચાલુ છે. પાકિસ્તાનના એક નવા હુમલામાં અફઘાનિસ્તાનમાં ૧૨ નાગરિકો માર્યા ગયા અને ૧૦૦ થી વધુ ઘાયલ થયા. મીડિયા અહેવાલો અનુસાર, આ હુમલો પાકિસ્તાન દ્વારા કંદહાર પ્રાંતના સ્પિન બોલ્ડેક વિસ્તારમાં કરવામાં આવ્યો હતો. દરમિયાન, પાકિસ્તાની સેનાએ બુધવારે દાવો કર્યો હતો કે તેણે અફઘાન તાલિબાનના અનેક હુમલાઓને નિષ્ફળ બનાવ્યા છે અને બંને દેશો વચ્ચે સરહદ પર અથડામણની અલગ-અલગ ઘટનાઓમાં ૪૦ થી વધુ અફઘાન નાગરિકોને મારી નાખ્યા છે.અફઘાન વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઝબીઉલ્લાહ મુજાહિદે જણાવ્યું હતું કે પાકિસ્તાની સુરક્ષા દળોએ તેમના ક્ષેત્રમાં ભારે હથિયારોથી ગોળીબાર કર્યો હતો અને નાગરિક વિસ્તારોને નિશાન બનાવ્યા હતા. આ હુમલાઓ કંદહારના સ્પિન બોલ્ડક વિસ્તારમાં થયા હતા, જેમાં ૧૨ નાગરિકો માર્યા ગયા હતા અને ૧૦૦ થી વધુ ઘાયલ થયા હતા. અફઘાનિસ્તાને પણ જવાબમાં જવાબ આપ્યો હતો. અફઘાનિસ્તાનનો દાવો છે કે તેમની કાર્યવાહીમાં ઘણા પાકિસ્તાની સૈનિકો માર્યા ગયા હતા અને ઘણી પાકિસ્તાની ચોકીઓ કબજે કરવામાં આવી છે.

અફઘાનિસ્તાને એમ પણ કહ્યું હતું કે તેણે નાશ પામેલી ચોકીઓ પર તૈનાત પાકિસ્તાની સેનાના ટેંક અને હથિયારો કબજે કર્યા છે.

ભારત ૨૦૪૦ સુધીમાં

# તેના નાગરિકોને ચંદ્ર ઉપર ઉતારવાનું અને તેમને સુરક્ષિત રીતે પાછા લાવવાનું લક્ષ્ય રાખે છે : ઇસરો

**ગગનયાન મિશન ૨૦૨૭ માં લોન્ચ થશે, અને ભારતીય અવકાશ મથક ૨૦૩૫ સુધીમાં તૈયાર થઈ જશે નારાયણે કહ્યું કે 'ગગનયાન' મિશનની તૈયારીઓ ઝડપથી ચાલી રહી છે**

। રાંચી, તા.૧૫ ।

ભારતીય અવકાશ સંશોધન સંગઠન (ઈસરો) ના અધ્યક્ષ વી. નારાયણને બુધવારે જાહેરાત કરી હતી કે ભારત ૨૦૪૦ સુધીમાં તેના નાગરિકોને ચંદ્ર પર ઉતારવાનું અને તેમને સુરક્ષિત રીતે પાછા લાવવાનું લક્ષ્ય રાખે છે. ભારતનું પ્રથમ માનવ અવકાશ ઉડાન, ગગનયાન, ૨૦૨૭ માં લોન્ચ થશે. નારાયણને રાંચીમાં બિરલા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી મેસરાના ૩૫મા દીક્ષાંત સમારોહમાં આ ટિપ્પણી કરી હતી.નારાયણે કહ્યું કે 'ગગનયાન' મિશનની તૈયારીઓ ઝડપથી ચાલી રહી છે. આ મિશન પહેલાં, ત્રણ મિશન માનવરહિત હશે. પહેલું મિશન ડિસેમ્બર ૨૦૨૫ માં થશે, જેમાં અર્ધ-માનવ-રોબોટ 'વ્યોમિત્ર' અવકાશમાં જશે. આ પછી ૨૦૨૬ માં બે વધુ માનવરહિત મિશન શરૂ થશે. નારાયણને કહ્યું, "ભારતનું પ્રથમ માનવ





અવકાશ મિશન, ગગનયાન, ૨૦૨૭ ના પ્રથમ ક્વાર્ટરમાં પૂર્ણ થશે."

ઈસરો વડાએ જણાવ્યું હતું કે ભારત તેનું અવકાશ સ્ટેશન, ભારતીય અવકાશ સ્ટેશન ૨૦૩૫ સુધીમાં પૂર્ણ કરશે. તેનું પ્રારંભિક મોડ્યુલ ૨૦૨૭ સુધીમાં અવકાશમાં તૈનાત કરી શકાય છે. વધુમાં, ચંદ્રયાન-૪, ચંદ્રયાન-૫, એક નવું મંગળ મિશન અને એક ખગોળશાસ્ત્રીય વેધશાળા મિશન, એકસઓએમ જેવા મોટા પ્રોજેક્ટ્સ પણ પાઈપલાઈનમાં છે. નારાયણને કહ્યું કે શુક્રનો અભ્યાસ કરવા માટે શુક્ર ઓર્બિટર મિશનને મંજૂરી આપવામાં આવી છે. વધુમાં, સૂર્યનો અભ્યાસ કરવા માટે આદિત્ય-૧ મિશન દ્વારા અત્યાર સુધીમાં ૧૫ ટેરાબાઈટથી વધુ ડેટા એકત્રિત કરવામાં આવ્યો છે, જે સૌર પ્રવૃત્તિ અને અવકાશ હવામાનને સમજવામાં ફાળો આપે છે.

ઈસરોના વડાએ કહ્યું કે ભારત અવકાશ ક્ષેત્રમાં આત્મનિર્ભરતા પર ભાર મૂકી રહ્યું છે, પરંતુ આબોહવા વિજ્ઞાન અને અવકાશ સંશોધન જેવા વૈશ્વિક મુદ્દાઓ પર આંતરરાષ્ટ્રીય સહયોગ માટે ખુલ્લું છે. નારાયણને સમજાવ્યું કે ભારતીય રાષ્ટ્રીય અવકાશ પ્રમોશન અને ઓથોરાઈઝેશન સેન્ટરે ખાનગી કંપનીઓ અને સ્ટાર્ટઅપ્સને જોડીને અવકાશ ક્ષેત્રમાં ક્રાંતિ લાવી છે. થોડા વર્ષો પહેલા જ્યારે ફક્ત થોડા સ્ટાર્ટઅપ્સ હતા, ત્યારે આજે ૩૦૦ થી વધુ સ્ટાર્ટઅપ્સ ઉપગ્રહ વિકાસ, પ્રક્ષેપણ સેવાઓ અને અવકાશ ડેટા વિશ્લેષણ પર કામ કરી રહ્યા છે. આ સ્ટાર્ટઅપ્સ કૃષિ, આપત્તિ વ્યવસ્થાપન, દૂરસંચાર, રેલ અને વાહન દેખરેખ અને મત્સ્યઉદ્યોગ જેવા ક્ષેત્રોમાં મદદ કરી રહ્યા છે.

## એનડીએમાં બધું બરાબર નથી; ભાજપ નીતિશ કુમારને હટાવવા માંગે છે : પપ્પુ યાદવ

। પટણા, તા,૧૫ ।

વિધાનસભા ચૂંટણીને લઈને બિહારમાં રાજકીય ગતિવિધિઓ જોરશોરથી ચાલી રહી છે. દરમિયાન, પૂર્ણિયાના અપક્ષ સાંસદ પપ્પુ યાદવે રાષ્ટ્રીય લોકશાહી જોડાણની અંદર ચાલી રહેલા કથિત ઝઘડા અંગે એક મોટું નિવેદન આપ્યું છે. તેમણે બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારના બચાવમાં બોલતા ભારતીય જનતા પાર્ટી પર નિશાન સાધ્યું છે.બુધવારે મીડિયા સાથે વાત કરતા પપ્પુ યાદવે દાવો કર્યો હતો કે એનડીએ ગઠબંધનમાં બધું બરાબર નથી. તેમણે કહ્યું, "ઉપેન્દ્ર કુશવાહા પોતે કહે છે કે ગઠબંધનમાં કંઈ જ ઠીક નથી."મુખ્યમંત્રી નીતિશ કુમારના સ્વાસ્થ્ય અંગેની અફવાઓ અંગે પપ્પુ યાદવે કહ્યું, "નીતીશ કુમારે સ્પષ્ટ કરી દીધું છે કે તેઓ શારીરિક અને માનસિક રીતે સ્વસ્થ છે." તેમણે કહ્યું, "જનતાએ પહેલાથી જ જોઈ લીધું છે કે ભાજપ કેટલો લોભી છે."તેમણે વધુમાં કહ્યું કે જનતા હવે ભાજપનું કાવતરું સંપૂર્ણપણે સમજી ગઈ છે. તેમણે કહ્યું, "જનતા નીતિશ કુમારને દૂર કરવાના ભાજપનું કાવતરું સમજી ગઈ છે."બિહાર વિધાનસભાનો વર્તમાન કાર્યકાળ ૨૨ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ સમાપ્ત થાય છે. દરમિયાન, બિહારની ચૂંટણીની તારીખો જાહેર કરવામાં આવી છે. આ વખતે, બિહારમાં ચૂંટણીઓ બે તબક્કામાં યોજાશે. પ્રથમ તબક્કો ૬ નવેમ્બરે યોજાશે.

## રાષ્ટ્રીય હિતમાં સાથે આવવામાં કંઈ ખોટું નથી,એનસીપી નેતા સુપ્રિયા સુલે

। મુંબઇ, તા.૧૫ ।

મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના વડા રાજ ઠાકરે વિપક્ષ મહા વિકાસ આઘાડીમાં જોડાવાની વધતી અટકળો વચ્ચે, રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (શરદચંદ્ર પવાર) ના નેતા સુપ્રિયા સુલેએ બુધવારે એક મોટું નિવેદન આપ્યું. તેમણે કહ્યું કે રાષ્ટ્રીય હિતમાં સાથે આવવામાં કંઈ ખોટું નથી.જોકે, સુપ્રિયા સુલેએ એ પણ સ્પષ્ટતા કરી કે ગઠબંધનમાં સ્દ્વજી ને સામેલ કરવાનો અંતિમ નિર્ણય વરિષ્ઠ સ્ફછ નેતાઓ દ્વારા સંયુક્ત રીતે લેવામાં આવશે.પુણેમાં પત્રકારો સાથે વાત કરતા, સુપ્રિયા સુલેને પૂછવામાં આવ્યું કે શું સ્ફછ ને રાજ ઠાકરેમાં નવો સાથી મળ્યો છે. જવાબમાં, તેમણે કહ્યું, "રાષ્ટ્રીય હિતમાં સાથે આવવામાં કંઈ ખોટું નથી." તેમણે વધુમાં ઉમેર્યું, "સ્ફછમાં રાજ ઠાકરેને સામેલ કરવાનો નિર્ણય વરિષ્ઠ નેતાઓ દ્વારા લેવામાં આવશે. આ મુખ્ય રાજકીય નિર્ણયો છે અને કેમેરાની સામે લેવામાં આવતા નથી. આવી ચર્ચાઓ મીટિંગમાં થાય છે. અમે મીટિંગ પછી નિર્ણય વિશે જણાવીશું."સુપ્રિયા સુલેનું નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે, મંગળવારે, રાજ ઠાકરે,એનસીપી એસપી વડા શરદ પવાર અને શિવસેના-યુબીટી વડા ઉદ્ધવ ઠાકરે સહિત ટોચના વિપક્ષી નેતાઓ સાથે, મહારાષ્ટ્રના મુખ્ય ચૂંટણી અધિકારી એસ. ચોકલિંગમને મળ્યા હતા.

દિવાળી પહેલા નોંધપાત્ર છૂટછાટ આપતા

# દિવાળી ઉપર લીલા ફટાકડા ફોડી શકાય છે સુપ્રીમ કોર્ટે આ શરતો સાથે પરવાનગી આપી

**સુપ્રીમ કોર્ટે બુધવારે તહેવાર દરમિયાન દિલ્હી અને એનસીઆરમાં લીલા ફટાકડાના વેચાણ અને ઉપયોગને મંજૂરી આપી, ચોક્કસ શરતોને આધીન. કોર્ટે એ પણ સ્પષ્ટ કર્યું કે લીલા ફટાકડાનો ઉપયોગ દિવાળી અને તેના આગલા દિવસે ફક્ત થોડા કલાકો માટે જ થઈ શકે**

। નવી દિલ્હી, તા.૧૫ ।

દિવાળી પહેલા નોંધપાત્ર છૂટછાટ આપતા, સુપ્રીમ કોર્ટે બુધવારે તહેવાર દરમિયાન દિલ્હી અને એનસીઆરમાં લીલા ફટાકડાના વેચાણ અને ઉપયોગને મંજૂરી આપી, ચોક્કસ શરતોને આધીન. કોર્ટે એ પણ સ્પષ્ટ કર્યું કે લીલા ફટાકડાનો ઉપયોગ દિવાળી અને તેના આગલા દિવસે ફક્ત થોડા કલાકો માટે જ થઈ શકે છે.

કોર્ટે કહ્યું કે લીલા ફટાકડાનું વેચાણ ફક્ત ૧૮ ઓક્ટોબરથી ૨૦ ઓક્ટોબર સુધી જ મંજૂરી આપવામાં આવશે. દિવાળીના આગલા દિવસે અને દિવાળીના દિવસે, ફટાકડા ફક્ત સવારે ૬ થી ૭ વાગ્યા સુધી અને રાત્રે ૮ થી ૧૦ વાગ્યા સુધી જ ફોડવાની મંજૂરી આપવામાં આવશે. આ ફટાકડા ફક્ત જિલ્લા કલેક્ટર અને પોલીસ અધિક્ષક દ્વારા સંયુક્ત રીતે નક્કી કરાયેલા સ્થળોએ જ વેચવામાં



આવશે. આ સ્થળો વિશેની માહિતીનો વ્યાપકપણે પ્રચાર કરવામાં આવશે જેથી લોકોને ખબર પડે કે લીલા ફટાકડા ક્યાંથી ખરીદવા.

કોર્ટે પોલીસ અને જિલ્લા વહીવટીતંત્રને સંયુક્ત રીતે પેટ્રોલિંગ ટીમો બનાવવાનો આદેશ આપ્યો છે. આ ટીમોમાં રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના અધિકારીઓનો પણ સમાવેશ થશે. આ ટીમો ખાતરી કરશે કે ફક્ત ઊઇ કોડવાળા લીલા ફટાકડા વેચાય. આ આદેશનું ઉલ્લંઘન કરનાર કોઈપણ દુકાનદાર અથવા કંપનીનું લાઈસન્સ રદ કરવામાં આવશે અને કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

બેરિયમ આધારિત ફટાકડા, તારવાળા ફટાકડા અને દ્વઈઈઈ દ્વારા માન્ય ન હોય તેવા ફટાકડા પર સંપૂર્ણપણે પ્રતિબંધ મૂકવામાં આવશે. ઓનલાઈન (ઈ-કોમર્સ) વેબસાઈટ્સ પર ફટાકડાના વેચાણ અથવા ખરીદી પર પણ સંપૂર્ણપણે પ્રતિબંધ મૂકવામાં આવશે. સુપ્રીમ કોર્ટે ચેતવણી આપી છે કે જો નિયમોનું પાલન નહીં કરવામાં આવે તો ફરીથી સંપૂર્ણ પ્રતિબંધ લાદવામાં આવશે. કોર્ટે જણાવ્યું હતું કે તહેવારનો આનંદ મહત્વપૂર્ણ છે, પરંતુ આરોગ્ય અને સ્વચ્છ હવાનો અધિકાર વધુ મહત્વપૂર્ણ છે.સુપ્રીમ કોર્ટે કેન્દ્ર અને રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને ૧૪ થી ૨૫ ઓક્ટોબર વચ્ચે હવા, માટી અને પાણીની ગુણવત્તાના અહેવાલો તૈયાર કરીને કોર્ટમાં સબમિટ કરવાનો પણ આદેશ આપ્યો હતો. કોર્ટે નિર્દેશ આપ્યો હતો કે તેના આદેશની નકલ દિલ્હી-દ્ગઝ્રઇના તમામ જિલ્લાઓના કલેક્ટરોને મોકલવામાં આવે. આ કેસમાં આગામી સુનાવણી ત્રણ અઠવાડિયા પછી થશે.

વિવાદ વધ્યો ત્યારે બે દિવસની રજા જાહેર કરી

## શાળાએ વિદ્યાર્થીને હિજાબ પહેરીને વર્ગખંડમાં પ્રવેશવા પર પ્રતિબંધ મૂક્યો

। કોચ્ચી, તા.૧૫ ।

ગયા અઠવાડિયે કેરળમાં એક ચર્ચ સંચાલિત શાળાએ આઠમા ધોરણની વિદ્યાર્થીનીને હિજાબ પહેરીને પ્રવેશ આપવાનો ઈનકાર કર્યા પછી રાજકીય વિવાદમાં ફસાઈ ગઈ છે. શાળાના અધિકારીઓએ અહેવાલ આપ્યો છે કે હિજાબે તેમના ડ્રેસ કોડનું ઉલ્લંઘન કર્યું છે અને છોકરીને તે ઉતારવા દબાણ કર્યું છે.છોકરીએ કહ્યું, "આ શાળા મને હિજાબ પહેરવાની મંજૂરી આપતી નથી. તેઓએ મને (વર્ગખંડના) પ્રવેશદ્વાર પર ઉભી રાખી અને તેને ઉતારવા કહ્યું. શિક્ષકો અસંસ્કારી હતા. હું અહીં ભણીશ નહીં." શાળાના ઠપકાને કારણે માતાપિતા સાથે વિવાદ થયો, અને પછી માતાપિતા-શિક્ષક સંઘ પણ સામેલ થઈ ગયો.અહેવાલો અનુસાર, આઠમા ધોરણની વિદ્યાર્થીનીએ હિજાબ પહેર્યા હોવાના વિવાદને પગલે સોમવારે કેરળના કોચીમાં એક ખાનગી ખ્રિસ્તી શાળામાં બે દિવસની રજા જાહેર કરવામાં આવી હતી. શાળાના પેરેન્ટ-ટીચર એસોસિએશનના એક અધિકારીએ આરોપ લગાવ્યો છે કે વિદ્યાર્થીઓના વાલીઓને ઈસ્લામિક-પ્રોફી રાજકીય સંગઠન, સોશિયલ ડેમોક્રેટિક પાર્ટી ઓફ ઈન્ડિયા દ્વારા ટેકો આપવામાં આવ્યો હતો, અને તેના સભ્યોએ શાળાના અધિકારીઓ સાથે દુર્વ્યવહાર કર્યો હતો, જેમાંથી મોટાભાગની નન છે.એસડીપીઆઈએ હજુ સુધી આ આરોપોનો જવાબ આપ્યો નથી.સેન્ટ રીટા પબ્લિક સ્કૂલના પ્રિન્સિપાલ સિસ્ટર હેલેના આરસીએ સોમવાર અને મંગળવાર માટે રજાઓની જાહેરાત કરતો પત્ર જારી કર્યો હતો, જે સોશિયલ મીડિયા પર સામે આવ્યો છે. પત્રમાં, પ્રિન્સિપાલે જણાવ્યું હતું કે નિર્ધારિત ગણવેશ વિના આવેલી એક વિદ્યાર્થી દ્વારા માનસિક તણાવ, તેના માતાપિતા, કેટલાક બહારના લોકો અને કેટલાક વિદ્યાર્થીઓ અને સ્ટાફના દબાણને કારણે રજાની વિનંતી કરવામાં આવી હતી.પત્રમાં કહેવામાં આવ્યું છે કે પરિણામે,પીટીએના એક્ઝિક્યુટિવ સભ્યો સાથે પરામર્શ કર્યા પછી, ૧૩ અને ૧૪ ઓક્ટોબરે રજા જાહેર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.પીટીએ સભ્ય જોશી કૈથવલપ્પીલે પીટીઆઈને જણાવ્યું હતું કે શાળામાં છેલ્લા ૩૦ વર્ષથી ડ્રેસ કોડ છે.

## ન્યૂઝ બ્રિફ



### નીતિશ કુમાર સીટ વહેંચણીથી નારાજ, ડેપ્યુટી સીએમ સમ્રાટ ચૌધરી પર પણ તણાવ વ્યાપી ગયો

। પટણા, તા.૧૫ ।

બિહારમાં નામાંકન માટે પહેલા તબક્કામાં માત્ર ચાર દિવસ બાકી છે, પરંતુ એનડીએમાં સીટ વહેંચણી પર હજુ સુધી કોઈ સર્વસંમતિ બની નથી. એનડીએના ઘટક પક્ષો વચ્ચે ઘણા દિવસોથી વાટાઘાટો ચાલી રહી છે, પરંતુ સીટ વહેંચણી અંગે હજુ સુધી કોઈ જાહેરાત થઈ નથી. વાટાઘાટોના અંતિમ તબક્કા વચ્ચે, એવા અહેવાલો છે કે મુખ્યમંત્રી નીતિશ કુમાર બેઠક વહેંચણી વ્યવસ્થાથી નાખુશ છે. એનડીએ ચાર બેઠકો પર મડાગાંઠમાં ફસાયેલું છે, જેમાં નાયબ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીની બેઠકનો પણ સમાવેશ થાય છે.નાયબ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીની તારાપુર બેઠક ઉપરાંત, ત્રણ અન્ય બેઠકો - સોનબરસા, રાજગીર અને મોરવા - પણ એનડીએમાં ચર્ચાઈ રહેલા મુદ્દાઓમાં શામેલ છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે જનતા દળ (યુનાઈટેડ) ના નેતાઓ અને મુખ્યમંત્રી નીતિશ કુમાર બેઠક વહેંચણી પર અસંમત હોય તેવું લાગે છે.બિહારમાં ભાજપના સૌથી અગ્રણી ચહેરા સમ્રાટ ચૌધરીના ઘર તારાપુર વિધાનસભા બેઠક પણ મુશ્કેલીમાં હોય તેવું લાગે છે. ભારતીય જનતા પાર્ટી (ભાજપ) તેમને અહીંથી મેદાનમાં ઉતારવાની તૈયારી કરી રહી હતી, પરંતુ એવો દાવો કરવામાં આવે છે કે નીતિશ કુમારે વાંધો ઉઠાવ્યો હતો. નીતિશના વાંધાને ધ્યાનમાં રાખીને, ભાજપે તેમના માટે પ્લાન બી બનાવ્યો છે, જેમાં તેમને પટણાના કુમ્હરાર અથવા પટણા સાહિબમાંથી કોઈ એક બેઠક પરથી મેદાનમાં ઉતારવાનો વિચાર કરવામાં આવ્યો છે.

### ઓપરેશન રેડ ચિલી'એ મમતા બેનર્જીને છોકરીઓ પરની ટિપ્પણી બદલ મુશ્કેલીમાં મુકી દીધા

। કોલકતા, તા.૧૫ ।

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ તાજેતરમાં કહ્યું હતું કે જે વિદ્યાર્થીનીઓ બીજા રાજ્યોથી પશ્ચિમ બંગાળમાં અભ્યાસ કરવા આવે છે તેમના માટે હોસ્ટેલના નિયમોનું પાલન કરવાની અપેક્ષા રાખવામાં આવે છે. તેમણે મોડી રાત્રે બહાર જવાનું ટાળવું જોઈએ, જોકે તેમને ગમે ત્યાં જવાનો મૂળભૂત અધિકાર છે. શુક્રવારે રાત્રે દુર્ગાપુરની એક ખાનગી મેડિકલ કોલેજમાં ઓડિશાની એક વિદ્યાર્થીની પર થયેલા ગેંગરેપ બાદ મુખ્યમંત્રી મમતા બેનર્જીએ આ નિવેદન આપ્યું હતું. વિદ્યાર્થીની મિત્ર સાથે રાત્રિભોજન માટે બહાર ગઈ હતી.આ દરમિયાન, બંગાળમાં ભાજપના કાર્યકરો અને નેતાઓ તરફથી મમતા બેનર્જીના નિવેદન પર પ્રતિક્રિયાઓ આવવા લાગી છે. ભાજપના કાર્યકરોએ આજે આ નિવેદનનો વિરોધ કર્યો. ઉત્તર ૨૪ પરગણા જિલ્લાના વિધાનનગર સોલ્ટ લેકમાં, ભાજપના કાર્યકરોએ એક હાથમાં લાલ મરચાનો પાવડર અને બીજા હાથમાં ઓપરેશન રેડ ચિલીનું પોસ્ટર લઈને પ્રદર્શન કર્યું.ભાજેપે કહ્યું કે પશ્ચિમ બંગાળમાં મહિલાઓ અને છોકરીઓએ હાથમાં લાલ મરચાનો પાવડર રાખવો જોઈએ.

## સેવા દરમિયાન આવક કરતાં વધુ સંપત્તિ એકઠી કરનારા ૧૨ સરકારી અધિકારીઓના પરિસર પર એક સાથે દરોડા

। બેંગ્લુરૂ, તા.૧૫ ।

કર્ણાટકમાં લોકાયુક્ત અધિકારીઓએ અપ્રમાણ સંપત્તિના કેસના સંદર્ભમાં દરોડા પાડ્યા. બેંગલુરુ મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડના જમીન સંપાદન વિભાગના સર્વેયર સહિત ૧૨ સરકારી અધિકારીઓ સામે રાજ્યભરમાં એક સાથે દરોડા પાડવામાં આવ્યા. આ દરોડા ૧૨ અધિકારીઓ સાથે જોડાયેલા અનેક સ્થળોએ પાડવામાં આવ્યા હતા.લોકાયુક્ત સૂત્રોના જણાવ્યા અનુસાર, દરોડા વહેલી સવારે શરૂ થયા હતા. એક્ઝિક્યુટિવ એન્જિનિયર જગદીશ નાઈકના નિવાસસ્થાને પણ દરોડા પાડ્યા હતા.

## ભાજપની પહેલી યાદી જાહેર, બિહાર ચૂંટણી માટે ૭૧ ઉમેદવારોના નામ જાહેર કર્યા

। પટણા, તા.૧૫ ।

ભાજપે આખરે બિહાર વિધાનસભા ચૂંટણી માટે તેના કાર્ડ જાહેર કર્યા છે.૭૧ ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરવામાં આવી હતી. આ યાદીમાં ઘણી આશ્ચર્યજનક વિગતો છે અને બિહારમાં ભાજપની ભાવિ યોજનાઓની ઝલક આપે છે. પ્રશાંત કિશોરના ઝડપી આરોપો છતાં, નાયબ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીને તારાપુર બેઠક પરથી ચૂંટણી લડાવવામાં આવી છે. યાદીનું બીજું સૌથી આશ્ચર્યજનક પાસું વિધાનસભા અધ્યક્ષ નંદ કિશોર યાદવની ટિકિટ રદ કરવાનું છે. ભાજપે પહેલી યાદીમાં કુલ નવ ધારાસભ્યોને ટિકિટ આપવાનો ઈનકાર કર્યો છે, જેમાં ઘણા અગ્રણી નામોનું પુનરાવર્તન કરવામાં આવ્યું છે. પાર્ટીએ દાનાપુરથી રામકૃપાલ યાદવને ટિકિટ આપી છે. મંત્રી નીતિન નવીનને બાંકીપુરથી ચૂંટણી લડાવવામાં આવ્યા છે. મંત્રી મંગલ પાંડેને સિવાનથી ટિકિટ આપવામાં આવી છે. સંજય સારાગીને દરભંગાથી ચૂંટણી લડાવવામાં આવ્યા છે. નીરજ કુમાર બબલુને છતરપુરથી ટિકિટ આપવામાં આવી છે. ભૂતપૂર્વ નાયબ મુખ્યમંત્રી રેણુ દેવીને બેત્તિયા બેઠક માટે ઉમેદવાર બનાવવામાં આવ્યા છે.સમ્રાટ ચૌધરીને તારાપુર બેઠક માટે ઉમેદવાર બનાવવામાં આવ્યા છે; મંગલ પાંડેને સિવાન બેઠક માટે ઉમેદવાર બનાવવામાં આવ્યા છે; મંત્રી નીતિન નવીનને બાંકીપુર બેઠક માટે ઉમેદવાર બનાવવામાં આવ્યા છે; સંજીવ ચૌરસિયાને દિઘા બેઠક માટે ઉમેદવાર બનાવવામાં આવ્યા છે; સંજય સરાઓગીને દરભંગા બેઠક માટે ઉમેદવાર બનાવવામાં આવ્યા છે.

**જાતિગત મતભેદોને દૂર કરવાનો પણ પ્રયાસ** | **આલમનગર વિધાનસભા બેઠક પરથી નરેન્દ્ર નારાયણ યાદવ, મધેપુરાથી કવિતા સાહા, મહારાજગંજથી હેમ નારાયણ સાહા અને મોકામાના અનંત સિંહના નામ જાહેર કરવામાં આવ્યા**

# જદયુએ પ્રથમ યાદીમાં ૫૭ ઉમેદવારોના નામની જાહેર કરી

। પટણા,તા.૧૫ ।

જદયુએ બિહાર વિધાનસભા ચૂંટણી માટે ઉમેદવારોની પોતાની પ્રથમ યાદી જાહેર કરી છે. પ્રથમ યાદીમાં ૫૭ ઉમેદવારોના નામ છે. આલમનગર વિધાનસભા બેઠક પરથી નરેન્દ્ર નારાયણ યાદવ, મધેપુરાથી કવિતા સાહા, મહારાજગંજથી હેમ નારાયણ સાહા અને મોકામાના અનંત સિંહના નામ જાહેર કરવામાં આવ્યા છે. જદયુ દ્વારા જાહેર કરાયેલી યાદીમાં જાતિગત મતભેદોને દૂર કરવાનો પણ પ્રયાસ કરવામાં આવ્યો છે. જદયુ અને ચિરાગ પાસવાનના જદયુ વચ્ચે કેટલીક બેઠકો પર મતભેદના અહેવાલો સામે આવ્યા છે. જોકે, ત્નઢેં એ હજુ સુધી આ બેઠકો માટે ઉમેદવારોના નામ જાહેર કર્યા નથી.

જદયુ ઉમેદવારોની પ્રથમ યાદી જુઓ:૧. આલમનગર - નરેન્દ્ર નારાયણ યાદવ,૨. બિહારીગંજ - નિરંજન કુમાર મહેતા,૩. સિંહેશ્વર (જીઝ)- રમેશ ઋષિદેવ૪. મધેપુરા - કવિતા સાહા,૫. સોનબરસા (જીઝ) - રત્નેશ સદા,૬. મહિસી - ગુંજેશ્વર સાહ,૭. કુશેશ્વરસ્થાન (જીઝ) - અતિરેક કુમાર,૮. બેનીપુર - વિનય કુમાર ચૌધરી,૯. દરમબાગા ગ્રામ્ય - ઈશ્વર મંડળ,૧૦. બહાદુરપુર - મદન સાહની,૧૧. ગાયઘાટ - કોમલ સિંહ.૧૨. મીનાપુર - અજય કુશવાહા,૧૩. સાકરા (એસસી)- આદિત્ય કુમાર,૧૪. કાંતિ - અજિત કુમાર,૧,. કુચાઈકોટ - અમરેન્દ્ર કુમાર પાંડે,૧૬. ભોર (એસસી)- સુનિલ કુમાર,૧૭. હથુઆ - રામસેવક સિંહ,૧૮.





બરૌલી - મનજીત સિંહ,૧૯. જીરાદેઈ - ભીષ્મ કુશવાહ,૨૦. રઘુનાથપુર – વિકાસ કુમાર સિંહ ઉર્ફે જીશુ સિંહ,૨૧. બારહરિયા – ઈન્દ્રદેવ પટેલ,૨૨. મહારાજગંજ – હેમ નારાયણ સાહ,૨૩. એકમા – ધૂમલ સિંહ,૨૪. માંઝી – રણધીર સિંહ,૨૫. પારસા – છોટે લાલ રાય,૨૬. વૈશાલી – સિદ્ધાર્થ પટેલ,૨૭. રાજપાકર (એસસી) – મહેન્દ્ર રામ,૨૮. મહનાર – ઉમેશ સિંહ કુશવાહા,૨૯. કલ્યાણપુર – મહેશ્વર હજારી,૩૦. વારિસનગર – મંજરીખા મૃણાલ,૩૧. સમસ્તીપુર – અશ્વમેઘ દેવી,૩૨. મોરવા – વિદ્યાસાગર સિંહ નિષાદ,૩૩. સરાયરંજન – વિજય કુમાર ચૌધરી,૩૪. વિભૂતિપુર – રવીના કુશવાહા,૩૫. હસનપુર –રાજ કુમાર રાય,૩૬. ચેરિયા બરિયારપુર – અભિષેક કુમાર,૩૭. માટીહાની – રાજકુમાર સિંહ,૩૮. અલૌલી- રામચંદ્ર ,દા,૩૯. ખાગરીયા - બબલુ મંડળ,૪૦. બેલદૌર - પન્ના લાલ પટેલ,૪૧. જમાલપુર - નચિકેતા મંડળ,૪૨. સૂર્યગઢ - રામાનંદ મંડળ,૪૩. શેખપુરા - રણધીરકુમાર સોની,૪૪. બરબીઘા - કુમાર પુષ્પંજય,૪૫. અસ્થાવન - જિતેન્દ્ર કુમાર,૪૬. રાજગીર - કૌશલ કિશોર,૫૧. મોકામા - અનંત સિંહ,૫૨. ફુલવારી - શ્યામ રજક,૫૩. મસૌરી - અરુણ માંઝી,૫૪. સંદેશ - રાધા ચરણ સહ,૫૫. જગદીશપુર - ભગવાન સિંહ કુશવાહા,૫૬. ડુમરાઓ - રાહુલ સિંહ,૫૭. રાજપુર - સંતોષ કુમાર નિરાલા,ના સમાવેશ થાય છે

બિહાર વિધાનસભાનો વર્તમાન કાર્યકાળ ૨૨ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ સમાપ્ત થાય છે. બિહારમાં મતદાન બે તબક્કામાં હાથ ધરવામાં આવશે. પ્રથમ તબક્કો ૬ નવેમ્બરે યોજાશે, જ્યારે બીજો તબક્કો ૧૧ નવેમ્બરે યોજાશે. પરિણામો ૧૪ નવેમ્બરે જાહેર કરવામાં આવશે.

# મલેશિયામાં ઇન્ફ્લુએન્ઝાનો પ્રકોપ : ૬૦૦૦ વિદ્યાર્થીઓ અસરગ્રસ્ત : શાળા-કોલેજો બંધ






કૌલાલ્પુર : મલેશિયામાં ઈન્ફલુએન્ઝા પ્રકોપ ફરી વળ્યો હોય તેમ લાગે છે. દેશમાં ૬૦૦૦ વિદ્યાર્થીઓ તેથી અસરગ્રસ્ત થતાં, શાળા-કોલેજો બંધ કરાઈ છે.મલેશિયાના આરોગ્ય વિભાગના ડાયરેકટર જનરલ મોહમ્મદ આઝમ, અહમદે સોમવારે જણાવ્યું હતું કે, મહામારીનો સામનો કરવા માટે, અમે કોવિડ-૧૯ ના સમયથી જ તૈયાર થઈ ગયા છીએ. તેથી, આ મહામારીથી બાળકો અને વિદ્યાર્થીઓને બચાવવા અમે શાળા-કોલેજો બંધ કરાવી છે. આ ઉપરાંત જાહેરસભાઓ અને સમારંભો બંધ કરાવ્યા છે.તેઓએ વધુમાં કહ્યું કે શાળા-કોલેજો જ બંધ હોવાથી સહજ રીતે તેઓની ગ્રુપ એક્ટિવીટી તેમજ રમતગમતો પણ બંધ રહી છે.આ અધિકારીએ આ સાથે ખેદપૂર્વક સ્વીકાર્યું હતું કે, સોમવાર સાંજ સુધીમાં ૯૭ વિસ્તારો ઈન્ફલુએન્ઝાગ્રસ્ત જાહેર કરવા પડયા છે. જે સંખ્યા તેની પહેલાના સપ્તાહે માત્ર ૧૪ની જ હતી.કૌલાલ્પુર : મલેશિયામાં ઈન્ફલુએન્ઝા પ્રકોપ ફરી વળ્યો હોય તેમ લાગે છે. દેશમાં ૬૦૦૦ વિદ્યાર્થીઓ તેથી અસરગ્રસ્ત થતાં, શાળા-કોલેજો બંધ કરાઈ છે.મલેશિયાના આરોગ્ય વિભાગના ડાયરેકટર જનરલ મોહમ્મદ આઝમ, અહમદે સોમવારે જણાવ્યું હતું કે, મહામારીનો સામનો કરવા માટે, અમે કોવિડ-૧૯ ના સમયથી જ તૈયાર થઈ ગયા છીએ. તેથી, આ મહામારીથી બાળકો અને વિદ્યાર્થીઓને બચાવવા અમે શાળા-કોલેજો બંધ કરાવી છે.

## કલ્કિ ૨૮૯૮ એડી ટુ માટે આલિયાને લેવાના પ્રયાસો શરૂ



| મુંબઇ, તા.૧૫ |

મુંબઈ : નાગ અશ્વિનના ડાયરેકશનમાં બની રહેલી કલ્કિ ૨૮૯૮ એડી ટુમાંથી દીપિકા પદુકોણને દૂર કરવામાં આવી હતી. ત્યારથી આ ફિલ્મ માટે નવી અભિનેત્રીની શોધ ચાલુ હતી. તેવામાં હવે આ ફિલ્મને લઈને અપ ડેટ છે કે, હવે આ મુખ્ય રોલ માટેઆલિયા ભટ્ટને લેવાના પ્રયાસ શરૂ કરવામાં આવ્યા છે. જોકે અભિનેત્રી પાસે ઘણી ફિલ્મો હોવાથી તે બેક ટુ બેક શૂટિંગમાં વ્યસ્ત હોવાની શક્યતા પૂરી છે. તેથી તે કલ્કિ એડી ૨૮૯૮ ટુ માટે તારીખો ફાળવી શકશે કે નહીં તે અંગે પ્રશ્નાર્થ છે. જોકે સત્તાવાર રીતે ફિલ્મની ટીમ તરફથી કોઈ જાણકારી આપવામાં આવી નથી. જો સમુસૂથરુ પાર પડશે તો આલિયા ભટ્ટ પ્રભાસ સાથે પ્રથમ વખત સ્ક્રીન શેર કરશે. જ્યારે અમિતાભ બચ્ચન સાથે બ્રહ્માસ્ત્ર પછીની બીજી ફિલ્મ હશે. તો નાગ અશ્વિન સાથે પ્રથમ વખત કામ કરશે. એક રિપોર્ટના અનુસાર, ડાયરેકટર નાગ અશ્વિનકી ફિલ્મ કલ્કિ એડી ૨૮૯૮ના બીજા ભાગમાં દીપિકા પદુકોણવાળા રોલમાં ફિલ્મસર્જકે આલિયા ભટ્ટને કાસ્ય કરવાનો ફેંસલો કર્યો છે. જોકે તેની સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી. મુંબઈ : નાગ અશ્વિનના ડાયરેકશનમાં બની રહેલી કલ્કિ ૨૮૯૮ એડી ટુમાંથી દીપિકા પદુકોણને દૂર કરવામાં આવી હતી.

### ખૈબર પખ્તુનખ્વાના કુર્રમ જિલ્લામાં ફરી એકવાર અફઘાન તાલિબાન અને પાકિસ્તાની સૈનિકો વચ્ચે જોરદાર સંઘર્ષ થયો

## પાકિસ્તાન અને તાલિબાન વચ્ચે ફરી એકવાર ભયંકર અથડામણ રાતભર ગોળીબાર | સૈન્ય ચોકી સાથે ટેન્ક નષ્ટ

**અથડામણ પાકિસ્તાનના સંરક્ષણમંત્રી ખ્વાજા આસિફના નિવેદન પછી તરત થઈ, જેમણે સરહદ પરની તણાવપૂર્ણ સ્થિતિ અંગે ચેતવણી આપી હતી**

| કુર્રમ, તા.૧૫ |

અફઘાનિસ્તાન-પાકિસ્તાન વચ્ચે થોડા કલાકોની શાંતિ પછી મંગળવારે રાત્રે ખૈબર પખ્તુનખ્વાના કુર્રમ જિલ્લામાં ફરી એકવાર અફઘાન તાલિબાન અને પાકિસ્તાની સૈનિકો વચ્ચે જોરદાર સંઘર્ષ થયો. પાકિસ્તાને દાવો કર્યો કે અફઘાન તાલિબાન અને 'ફિત્ના અલ-ખ્વારીઝ'એ ઉશ્કેરણી વિના ગોળીબાર શરૂ કર્યો, જેના જવાબમાં પાકિસ્તાની સેનાએ સખત કાર્યવાહી કરી. બંને પક્ષે ટેન્કોને નુકસાન થયું અને ચોકીઓ પર કબજો કરવાના દાવા કરાયા.આ અથડામણ પાકિસ્તાનના સંરક્ષણમંત્રી ખ્વાજા આસિફના નિવેદન પછી તરત થઈ, જેમણે સરહદ પરની તણાવપૂર્ણ સ્થિતિ અંગે ચેતવણી આપી હતી. પાકિસ્તાનના સૂત્રોએ દાવો કર્યો કે પાકિસ્તાની હુમલામાં તાલિબાનની ઘણી ચોકીઓને ભારે નુકસાન થયું છે.પાકિસ્તાની સૂત્રોએ પુષ્ટિ કરી કે જવાબી ગોળીબારમાં એક તાલિબાની ટેન્ક નાશ પામી, જેના પગલે હુમલાખોરો ચોકીઓ છોડીને ભાગી ગયા. સંરક્ષણ સૂત્રો અનુસાર, પાકિસ્તાની સેનાઓ હાઇ એલર્ટ પર છે અને સરહદની સુરક્ષા માટે સક્ષમ છે. પાકિસ્તાને અન્ય એક હુમલામાં વધુ એક અફઘાન ટેન્ક નષ્ટ કરવાનો પણ દાવો કર્યો.



અફઘાનિસ્તાન સમર્થિત અન્ય એક હેન્ડલ, અફઘાનિસ્તાન ડિફેન્સએ કહ્યું છે કે અફઘાની સૈનિકોએ પાકિસ્તાનમાં એ જગ્યાઓને નિશાન બનાવી છે જ્યાંથી અફઘાનિસ્તાન માટે ખતરો ઊભો થાય છે. અફઘાન ફોર્સ પાકિસ્તાનમાં દાએશ (SIS) ગ્રૂપના તમામ અડ્ડાઓને નિશાન બનાવશે. તેમજ અફઘાનિસ્તાન ડિફેન્સે દાવો કર્યો છે કે રાત્રે થયેલા હુમલામાં ૭ પાકિસ્તાની સૈનિકો માર્યા ગયા છે.અફઘાનિસ્તાને પાકિસ્તાન પાસે ISIS-ખોરાસન (દાએશ)ના મુખ્ય નેતાઓને સોંપવાની સત્તાવાર માંગણી કરી છે. ઈસ્લામિક અમીરાતના પ્રવક્તાએ આ માંગણી કરી, કારણ કે અફઘાનિસ્તાનનો દાવો છે કે આ નેતાઓ પાકિસ્તાનમાં રહીને ત્યાંથી અફઘાનિસ્તાન પર હુમલાનું કાવતરું ઘડી રહ્યા છે. માંગ કરાયેલા નેતાઓમાં શહાબ અલ-મુહાજીર, અબ્દુલ હકીમ તૌહીદી, સુલ્તાન અઝીઝ અને સલાહુદ્દીન રજબનો સમાવેશ થાય છે. અફઘાનિસ્તાને પાકિસ્તાન પાસે માંગ કરી છે કે તે ISIS-ખોરાસન (દાએશ)ના મુખ્ય નેતાઓને અફઘાનિસ્તાનને સોંપી દે. ઈસ્લામિક અમીરાતના પ્રવક્તાએ સત્તાવાર રીતે પાકિસ્તાન પાસે મુખ્ય ISIS નેતાઓને સોંપવાની માંગ કરી છે. અફઘાનિસ્તાનનો દાવો છે કે આ લોકો પાકિસ્તાનમાં રહી રહ્યા છે અને ત્યાંથી જ અફઘાનિસ્તાન પર હુમલાની યોજના બનાવી રહ્યા છે.

### બંધકો મુક્ત ન થતાં ટ્રમ્પ ભડક્યાં

## હમાસને કહ્યું હથિયાર છોડી દો નહીંતર અમે છોડાવી દઈશું

**હમાસે સોમવારે (૧૩ ઓક્ટોબર) યુદ્ધ વિરામ કરાર હેઠળ બાકીના ૨૦ જીવિત ઈઝરાયલી બંધકોને મુક્ત કરી દીધા છે**

| વોશિંગ્ટન, તા.૧૫ |

અમેરિકાન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મંગળવારે (૧૪ ઓક્ટોબર) કહ્યું હતું કે, હમાસે પોતાના શસ્ત્રો હેઠા મૂકી દેવા જોઈએ. તેમણે ચેતવણી આપી હતી કે જો તે આવું નહીં કરે તો અમેરિકા તેને તેના શસ્ત્રો સોંપવા માટે મજબૂર કરશે. જોકે, બાદમાં ટ્રમ્પે સ્પષ્ટતા કરી કે તેમણે હમાસ સાથે સીધો સંપર્ક કર્યો નથી, પરંતુ આ મેસેજ "મારા લોકો દ્વારા, ઉચ્ચતમ સ્તરે" પહોંચાડવામાં આવ્યો છે.અર્જન્ટીનાના પ્રમુખ જેવિયર માઈલી સાથે વ્હાઈટ હાઉસમાં એક બેઠક બાદ ટ્રમ્પે કહ્યું કે, 'જો તે હથિયાર નહીં મૂકે તો અમે તેમને હથિયાર મૂકાવી દઈશું. આ જલ્દી અને કદાચ હિંસક રીતે થશે. હું જાણું છું કે, આ કોઈ રમત નથી રમી રહ્યો. ગાઝા પર શાસન કરનારા ઉગ્રવાદી સમૂહ હમાસ, ઓક્ટોબર ૨૦૨૩ના હુમલા દરમિયાન બંધક બનાવવામાં આવેલા મૃત લોકોના મૃતદેહને પરત ન આપવાના કારણે ઈઝરાયલ અને ટ્રમ્પની ટીકાનો શિકાર થઈ રહ્યા છે. હમાસે સોમવારે (૧૩ ઓક્ટોબર) યુદ્ધ વિરામ કરાર હેઠળ બાકીના ૨૦ જીવિત ઈઝરાયલી બંધકોને મુક્ત કરી દીધા છે. જોકે, ઈઝરાયલે હજારો પેલેસ્ટાઈન કેદીઓને મુક્ત કરી દીધા છે. ઈઝરાયલનું કહેવું છે કે, હમાસે ચાર અન્ય મૃત બંધકોને સોંપી દીધા છે. ઈઝરાયલી સેનાએ કહ્યું કે, મંગળવારે (૧૪ ઓક્ટોબર) હમાસ દ્વારા સોંપવામાં આવેલા ચાર અન્ય બંધકોના અવશેષ ગાઝાથી ઈઝરાયલ લાવવામાં આવ્યા છે. અવશેષોને રેડ ક્રૉસને સોંપી દેવાયા છેસ બાદમાં તેમને ઈઝરાયલને સોંપવામાં આવશે, જે ગાઝા પટ્ટીમાં બે વર્ષથી ચાલી રહેલા યુદ્ધને સમાપ્ત કરવાના હેતુથી યુદ્ધ વિરામ લાગુ કરવાની દિશામાં નવું પગલું છે. અમેરિકાન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મંગળવારે (૧૪ ઓક્ટોબર) કહ્યું હતું કે, હમાસે પોતાના શસ્ત્રો હેઠા મૂકી દેવા જોઈએ. તેમણે ચેતવણી આપી હતી કે જો તે આવું નહીં કરે તો અમેરિકા તેને તેના શસ્ત્રો સોંપવા માટે મજબૂર કરશે. જોકે, બાદમાં ટ્રમ્પે સ્પષ્ટતા કરી કે તેમણે હમાસ સાથે સીધો સંપર્ક કર્યો નથી, પરંતુ આ મેસેજ "મારા લોકો દ્વારા, ઉચ્ચતમ સ્તરે" પહોંચાડવામાં આવ્યો છે.અર્જન્ટીનાના પ્રમુખ જેવિયર માઈલી સાથે વ્હાઈટ હાઉસમાં એક બેઠક બાદ ટ્રમ્પે કહ્યું કે, 'જો તે હથિયાર નહીં મૂકે તો અમે તેમને હથિયાર મૂકાવી દઈશું.

## અનન્યા-લક્ષ્યની ચાંદ મેરા દિલની રીલિઝ ડેટ હજુ પણ નક્કી નહિ



| મુંબઇ, તા.૧૫ |

ફિલ્મનાં કન્ટેન્ટ અને ક્વોલિટી કરતાં માર્કેટિંગ પર જ વધારે ફોક્સ કરતા પ્રોડ્યૂસર કરણ જોહરનાં બેનરની ફિલ્મ 'ચાંદ મેરા દિલ'ની રીલિઝ ડેટ અંગે અનિશ્ચિતતા સેવાઈ રહી છે. આ ફિલ્મ વિશે હાલ ઉત્સુકતા જાગવાનું કારણ એ છે કે ફિલ્મનો હિરો લક્ષ્ય લાલવાણી આર્યન ખાનની વેબ સીરિઝ 'ધી બેડ્સ ઓફ બોલીવૂડ'થી ફરી ચર્ચામાં આવ્યો છે. તેની પાસે જાહ્નવી અને ટાઈગરની 'લગ જા ગલે' ઉપરાંત વિક્રાંત મૈસી સાથેની 'દોસ્તાના ટુ' જેવી ફિલ્મો છે. 'ચાંદ મેરા દિલ'ની જાહેરાત ગત વર્ષે કરાઈ હતી. તે વખતે એમ ઉચ્ચારાયું હતું કે ફિલ્મ ૨૦૨૫માં રીલિઝ કરી દેવાશે. પરંતુ, હવે ૨૦૨૫ના સમાપનને અઢી મહિના જ બાકી છે તો પણ આ ફિલ્મની રીલિઝ ડેટ વિશે કોઈ જાહેરાત થઈ નથી. થોડા સમય પહેલાં જ લક્ષ્ય લાલવાણી અને અનન્યા પાંડે આ ફિલ્મ માટે હૈદરાબાદ ચાર મિનાર પાસે શૂટિંગ કરી રહ્યાં હોવાના વિડીયો વાયરલ થયા હતા. જોકે, તે સિવાય આ ફિલ્મ વિશે કોઈ અપડેટ આવ્યું નથી. ફિલ્મનાં કન્ટેન્ટ અને ક્વોલિટી કરતાં માર્કેટિંગ પર જ વધારે ફોક્સ કરતા પ્રોડ્યૂસર કરણ જોહરનાં બેનરની ફિલ્મ 'ચાંદ મેરા દિલ'ની રીલિઝ ડેટ અંગે અનિશ્ચિતતા સેવાઈ રહી છે. આ ફિલ્મ વિશે હાલ ઉત્સુકતા જાગવાનું કારણ એ છે કે ફિલ્મનો હિરો લક્ષ્ય લાલવાણી આર્યન ખાનની વેબ સીરિઝ 'ધી બેડ્સ ઓફ બોલીવૂડ'થી ફરી ચર્ચામાં આવ્યો છે.

## ચીનમાં ભૂકંપ આવ્યો હતો, જેનું કેન્દ્રબિંદુ માત્ર ૧૦ કિલોમીટરની ઊંડાઈએ હતું

| બીજીંગ, તા.૧૫ |

ભારતના પડોશી દેશ ચીનમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. સવારે ૮:૪૫ વાગ્યે ચીનના શિનજિયાંગ પ્રાંતમાં ભૂકંપ આવ્યો હતો. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર, શિનજિયાંગમાં ૪.૨ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. ભૂકંપનું કેન્દ્રબિંદુ અક્ષાંશઃ ૪૧.૬૫ ઉત્તર, રેખાંશઃ ૮૧.૧૪ પૂર્વ પર હતું. તેની ઊંડાઈ જમીનથી માત્ર ૧૦ કિલોમીટર નીચે હતી.૯ ઓક્ટોબરના રોજ ચીનના દક્ષિણપશ્ચિમ સિચુઆન પ્રાંતમાં અગાઉ ભૂકંપ આવ્યો હતો. આ ભૂકંપની તીવ્રતા ૫.૪ માપવામાં આવી હતી.

ચાઈના અર્થક્વેક નેટવર્ક સેન્ટર અનુસાર, ભૂકંપ ગાંઝી તિબેટીયન સ્વાયત્ત પ્રીફેક્ચરના ઝિનલોંગ કાઉન્ટીમાં આવ્યો હતો. ભૂકંપનું કેન્દ્રબિંદુ કાંગડિંગ શહેરથી લગભગ ૨૧૬ કિલોમીટર દૂર હતું અને તેની ઊંડાઈ માત્ર ૧૦ કિલોમીટર હતી.

સોમવારે રાત્રે ૯:૨૮ વાગ્યે ભારતના લદ્દાખના લેહ ક્ષેત્રમાં ૪.૫ ની તીવ્રતાનો ભૂકંપ નોંધાયો હતો. એનસીએસ અનુસાર, ભૂકંપનું કેન્દ્રબિંદુ કારગિલ નજીક, લેહથી લગભગ ૨૮૪ કિલોમીટર ઉત્તરપશ્ચિમમાં, અક્ષાંશ ૩૬.૬૮° એન અને રેખાંશ ૭૪.૩૯° ઈ પર હતું. ભૂકંપની ઊંડાઈ માત્ર ૧૦ કિલોમીટર હતી. આ ભૂકંપના આંચકા સ્થાનિક સ્તરે અનુભવાયા હતા.

## બાંગ્લાદેશના ઢાકામાં કાપડાની ફેક્ટરી અને કેમિકલ વેરહાઉસમાં ભીષણ આગ | ૧૬ જેટલા શ્રમિકના મોત

| ઢાકા, તા.૧૫ |

બાંગ્લાદેશની રાજધાની ઢાકામાં એક ગંભીર દુર્ઘટના સર્જાઈ. અહીં એક ચાર માળની ગારમેન્ટ ફેક્ટરી અને તેની બાજુમાં આવેલા કેમિકલ વેરહાઉસમાં લાગેલી ભીષણ આગમાં ઓછામાં ઓછા ૧૬ મજૂરોના કરુણ મોત થયા છે અને અનેક લોકો ઈજાગ્રસ્ત થયા છે.ફાયર સર્વિસ અને સિવિલ ડિફેન્સના અધિકારીઓના જણાવ્યા અનુસાર, આગ કેમિકલ વેરહાઉસમાં લાગી હતી અને ત્યારબાદ તે નજીકની ફેક્ટરીમાં ફેલાઈ ગઈ હતી. આગની શરૂઆત શાહ આલમ કેમિકલ વેરહાઉસમાં થઈ હતી અને ત્યાર બાદ તે એનર ફેશન ગારમેન્ટ્સ ફેક્ટરી સુધી પહોંચી હતી.ફાયર સર્વિસના પ્રવક્તા અનવરુલ ઈસ્લામે જણાવ્યું કે, 'સર્ચ ઓપરેશન દરમિયાન માત્ર ગારમેન્ટ ફેક્ટરીમાંથી જ ૧૬ મૃતદેહો મળી આવ્યા છે. ફેક્ટરીમાંથી આગ ઓલવી દેવામાં આવી છે, પરંતુ કેમિકલ વેરહાઉસમાં આગ હજુ પણ ચાલુ છે.'ફાયર સર્વિસ અને સિવિલ ડિફેન્સના ડિરેક્ટર લેફ્ટનન્ટ કર્નલ મોહમ્મદ તાજુલ ઈસ્લામ ચૌધરીએ જણાવ્યું હતું કે, મૃતદેહોની હાલત એટલી ભયાનક છે કે તેમની ઓળખ હાલમાં ડીએનએ ટેસ્ટ દ્વારા જ શક્ય બની શકશે. તમામ મૃતદેહોને ઢાકા મેડિકલ કોલેજ હોસ્પિટલમાં મોકલી દેવાયા છે. ચૌધરીએ વધુમાં જણાવ્યું કે સંભવતઃ તમામ મૃતકો ઝેરી ગેસ શ્વાસમાં લેવાના કારણે મૃત્યુ પામ્યા છે. તેમણે અનુમાન વ્યક્ત કર્યું કે, 'આગની શરૂઆત કેમિકલ વિસ્ફોટથી થઈ હશે, જેનાથી ઝેરી ગેસ ફેલાઈ ગયો અને ઘણા લોકોનું તરત જ મૃત્યુ થયું.'મૃતકો બીજા અને ત્રીજા માળ વચ્ચે ફસાયા હતા. અધિકારીઓના જણાવ્યા અનુસાર, બિલ્ડિંગની છત ટીન અને નળિયાની બનેલી હતી.

### તાવ, ખાંસી અને ગળામાં દુખાવો લક્ષણો | ૧૯૬૮માં હોંગકોગ ફલૂ મહામારીનું કારણ બનેલા સ્ટ્રેનનો વંશજ માનવામાં આવે છે

## જાપાનમાં ફન્ફલુએન્ઝાના ૬૦૦૦ થી વધુ દર્દીઓ | મહામારી જાહેર કરવી પડી

| ટોક્યો, તા.૧૫ |

દુનિયામાં ઈન્ફલુએન્ઝાની બીમારી વધતી જાય છે. જાપાનની વાત કરીએ તો આ બીમારીને મહામારી જાહેર કરવામાં આવી છે. જાપાન જ નહી અનેક દેશોમાં ઈન્ફલુએન્ઝાએ કાળો કેર વરતાવ્યો છે. ભારતમાં પણ પ્રમાણમાં દર્દીઓની સંખ્યા વધી રહી છે. પ્રાપ્ત માહિતી અનુસાર એચ૩એન૨ વાયરસનો પ્રસાર ચિંતાનો વિષય બની શકે છે.



૧૯૬૮માં હોંગકોંગ ફલૂ મહામારીનું કારણ બનેલા સ્ટ્રેનનો વંશજ માનવામાં આવે છે.એક જર્મન વેબસાઈટની માહિતી મુજબ જર્મનીના ફેડરલ ઈન્સ્ટીટયૂટ ફોર એનિમલ હેલ્થ (ફેડરિક લોફલર ઈન્સ્ટીટયૂટ) માને છે કે આ વિશેષ પ્રકારનો સ્ટ્રેન માનવ અને એવિયન ઈન્ફલુએન્ઝા વાયરસનું મિશ્રણ છે. ફલુના દર્દીઓમાં નાની ઉંમરના વધારે હોવાનું જાણવા મળે છે. તાવ, ખાંસી અને ગળામાં દુખાવાના મુખ્ય લક્ષણો જોવા મળે છે. અનેક દેશોમાં હોસ્પિટલમાં દર્દીઓ સારવાર લઈ રહયા છે જેમાં જાપાન, ભારત, સિંગાપુર અને થાઈલેન્ડનો પણ સમાવેશ થાય છે. જાપાન ઈન્ફલુએન્ઝાને લઈને ખૂબજ સાવચેત થઈ ગયું છે.

જાપાનના સ્વાસ્થ્ય વિભાગ સાથે સંકળાયેલા આરોગ્ય અધિકારીઓના જણાવ્યા અનુસાર ઈન્ફલુએન્ઝાના કેસમાં છેલ્લા પાંચ અઠવાડિયામાં રેકોર્ડતોડ વૃધ્ધિ જોવા મળે છે, આવી પરિસ્થિતિ છેલ્લા બે દાયકામાં બીજી વાર સર્જાઈ છે. જાપાનમાં ૨૨ થી ૨૮ સપ્ટેમ્બર દરમિયાન ૪ હજારથી વધુ લોકોએ ફલુની સારવાર લીધી હતી. ૨૯ સપ્ટેમ્બરથી ૫ ઓકટોબર દરમિયાન આ સંખ્યા વધીને ૬૦૦૦ થઈ છે. સરેરાશ દર ૧.૫૬ છે જે મહામારીની મર્યાદાને પાર કરી ગયો છે. જેમાં ઓકિનાવાનો દર સૌથી વધારે છે.

ગત વર્ષ ફલુની બીમારી થઇ ત્યારે ૦.૭૭ હતો જેની સરખામણીમાં આ બમણો છે. ૩ ઓકટોબર સુધીમાં જાપાનમાં ૧૩૫ સ્કૂલ અને કેટલાક ચાઈલ્ડ કેર કેન્દ્રો બંધ કરી દેવામાં આવ્યા છે. ઈન્ફલુએન્ઝા વાયરસ ચાર પ્રકારનો હોય છે જેમાં એ,બી,સી અને ડી સામેલ છે. મુખ્ય રીતે એ અને બી ટાઈપ ઈન્ફલૂએન્ઝા મૌસમી પ્રકોપનું કારણ બને છે. અમેરિકી રોગ નિયંત્રણ અને રોગ નિવારણ કેન્દ્ર (સીડીસી) અનુસાર ઈન્ફલુએન્ઝા અને સામાન્ય શરદીના લક્ષણો એક સરખા હોય છે પરંતુ સામાન્ય દર્દી રાઈનો વાયરસ સહિત અનેક વાયરસોથી પણ ફેલાય છે.દુનિયામાં ઈન્ફલુએન્ઝાની બીમારી વધતી જાય છે. જાપાનની વાત કરીએ તો આ બીમારીને મહામારી જાહેર કરવામાં આવી છે.

### નેતન્યાહૂના કાર્યાલયે છેલ્લી ઘડીનું આમંત્રણ આવનારી યહૂદી રજા ને કારણે રદ

### ગાઝામાં યુદ્ધવિરામને મજબૂત કરવા અને પુનર્નિર્માણ માટે સોમવારે ઇજિપ્તના શર્મ અલ-શેખમાં યોજાયેલા આંતરરાષ્ટ્રીય શિખર સંમેલનમાં ઇઝરાયલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂની સંભવિત ભાગીદારીને લઈને વિવાદ થયો હતો

## તૂર્કિયેના પ્રમુખ રેચેપ તૈયપ એર્દોગાનની ચેતવણીને કારણે નેતન્યાહૂ ઈજિપ્તની ગાઝા સમિટમાં ન આવ્યા

| ગાઝા, તા.૧૫ |

ગાઝામાં યુદ્ધવિરામને મજબૂત કરવા અને પુનર્નિર્માણ માટે સોમવારે ઈજિપ્તના શર્મ અલ-શેખમાં યોજાયેલા આંતરરાષ્ટ્રીય શિખર સંમેલનમાં ઈઝરાયલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂની સંભવિત ભાગીદારીને લઈને વિવાદ થયો હતો. તૂર્કિયેના રાષ્ટ્રપતિ રેચેપ તૈયપ એર્દોગને નેતન્યાહૂને આમંત્રણ આપવાનો સ્પષ્ટ વિરોધ કર્યો હતો, જેની પુષ્ટિ મંગળવારે તૂર્કિયેના એક અધિકારીએ કરી. જોકે, નેતન્યાહૂના કાર્યાલયે છેલ્લી ઘડીનું આમંત્રણ આવનારી યહૂદી રજા (તહેવાર)ને કારણે રદ કર્યું હતું.અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈજિપ્તના રાષ્ટ્રપતિ અબ્દેલ ફત્તાહ અલ-સીસી દ્વારા સહ-યજમાન કરાયેલા આ શિખર સંમેલનમાં ૨૦થી વધુ દેશોના નેતાઓ સામેલ થયા હતા. તેનો મુખ્ય હેતુ ગાઝામાં ઈઝરાયલ-હમાસ યુદ્ધવિરામને મજબૂત કરવો, બંધકોની મુક્તિ અને યુદ્ધ પછીના પુનર્નિર્માણની રૂપરેખા તૈયાર કરવાનો હતો. ફ્રાન્સ, જર્મની, બ્રિટન, કેનેડા, કતાર, ેછઈ, જોર્ડન, પાકિસ્તાન અને ઈન્ડોનેશિયા સહિતના દેશોના નેતાઓ હાજર હતા. તૂર્કિયેના એર્દોગન અમેરિકા, ઈજિપ્ત



અને કતારના નેતાઓ સાથે ચાર-પક્ષીય ઘોષણાના હસ્તાક્ષરકર્તાઓમાંના એક હતા.તૂર્કિયેના રાષ્ટ્રપતિ એર્દોગને ઈઝરાયલી વડા પ્રધાન નેતન્યાહૂની શિખર સંમેલનમાં હાજરીનો સ્પષ્ટ વિરોધ કર્યો હતો. તૂર્કિયેના પ્રવક્તા ઓમર ચેલિકે મંગળવારે જણાવ્યું કે તૂર્કિયેએ નેતન્યાહૂની ભાગીદારી રોકવા માટે તૈયારી કરી હતી. એક અધિકારીએ પુષ્ટિ કરી કે એર્દોગને રાષ્ટ્રપતિ સીસીને ચેતવણી આપી હતી કે જો નેતન્યાહૂ આવશે, તો તેમનું વિમાન શર્મ અલ-શેખમાં નહીં ઉતરે. એર્દોગને ગાઝામાં વિનાશને 'નરસંહાર' ગણાવ્યો અને પુનર્નિર્માણમાં વર્ષો લાગશે તેમ કહ્યું. ઈરાકના વડા પ્રધાન અલ-સુદાનીએ પણ નેતન્યાહૂની હાજરી પર સંમેલન છોડી દેવાની ચેતવણી આપી હતી, જે ઈઝરાયલ વિરુદ્ધ પ્રાદેશિક અસંતોષ દર્શાવે છે.નેતન્યાહૂને છેલ્લી ઘડીનું આમંત્રણ અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આપ્યું હતું, જેમણે ઈજિપ્તના રાષ્ટ્રપતિ અબ્દેલ ફત્તાહ અલ-સીસી સાથે વાત કરીને તેમને આમંત્રિત કરવા કહ્યું. સીસી દ્વારા ફોન આવતાં નેતન્યાહૂએ આમંત્રણ સ્વીકાર્યું. આ પછી, ઈજિપ્તના કાર્યાલયે જાહેરાત કરી કે નેતન્યાહૂ અને પેલેસ્ટિનિયન રાષ્ટ્રપતિ મહમૂદ અબ્બાસ બંને સંમેલનમાં ભાગ લેશે.જોકે, થોડા કલાકો પછી નેતન્યાહૂના કાર્યાલયે જણાવ્યું કે શેમિની અત્ઝેરત-સિમચત તોરાહ યહૂદી રજાની નિકટતાને કારણે તેઓ ભાગ લઈ શકશે નહીં.

### સલામત ગુજરાતમાં જ મહિલાઓ અને યુવતીઓ અસલામતી અનુભવી રહી હોય તેવુ ચિત્ર ઉભુ થયુ છે

# અમદાવાદ જિલ્લામાં છેડતીના કિસ્સા વધ્યા, દર મહિને સરેરાશ ૨૦ ગુના નોંધાય છે । રોમિયો બેફામ બન્યાં

**શહેરમાં ચાંદખેડા, વાડજ, સોલા, અમરાઇવાડી, કૃષ્ણનગર, નિકોલ અને વેજલપુરમાં છેડતીના સૌથી વધુ કેસો નોંધાયા**

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૧૨ ।

ગુજરાતમાં મહિલાઓ મધરાત્રે ફરી શકે તે વાતનો હવે ફુગ્ગો ફુટ્યો છે કેમકે, મેગાસિટી અમદાવાદમાં યુવતી-મહિલાઓની છેડતીના કિસ્સા વધી રહ્યાં છે. શહેરમાં દર મહિને સરેરાશ ૨૦ કેસ છેડતીના પોલીસ ચોપડે નોંધાઈ રહ્યાં છે તે પ રથી મહિલાઓ માટે ગુજરાત કેટલું સલામત છે તે સવાલ ઉભો છે. રાજ્ય ગૃહ વિભાગ ભલે ડીંગો હોંકે પણ અમદાવાદ શહેરમાં જાણે રોમિયોને છુટો દોર મળ્યો હોય તેમ લાગી રહ્યું છે.સલામત ગુજરાતમાં જ મહિલાઓ અને યુવતીઓ અસલામતી અનુભવી રહી હોય તેવુ ચિત્ર ઉભુ થયુ છે. ગુજરાતમાં છેડતીના કિસ્સામાં અમદાવાદ શહેર ટોપ પર રહ્યુ છે. ગૃહ વિભાગના રિપોર્ટે જ ગુજરાતના કાયદા વ્યવસ્થાની સ્થિતીનો અસલી ચિતાર રજૂ કર્યો છે. મેટ્રો સીટી અમદાવાદમાં દર વર્ષે છેડતીના ૨૫૦ કિસ્સા નોંધાઈ રહ્યાં છે.શહેરમાં ચાંદખેડા, વાડજ, સોલા, અમરાઈવાડી, કૃષ્ણનગર, નિકોલ અને વેજલપુરમાં છેડતીના સૌથી વધુ કેસો નોંધાયા છે. જોકે, અમદાવાદ શહેરમાં એકેય વિસ્તાર એવો નથી જ્યાં છેડતીનો કિસ્સો બન્યો ન હોય. મહિલા સશક્તિકરણની વાતો કરાય છે ત્યારે વચન-વાયદા આપવામાં શૂરી સરકાર મહિલાઓને સુરક્ષા આપ વામાં ઉણી ઉતરી છે.મહિલા-યુવતીઓની છેડતી ન થાય તે માટે પોલીસ તંત્ર નક્કર પગલાં લેવામાં નિષ્ફળ નિવડ્યું છે, તેનું કારણ એછેકે, શહેરમાં રોમિયો છાકટા બન્યાં છે અને તેમને ખાખીનો જાણે ડર રહ્યો નથી. આ પરિસ્થિતીને લીધે ખાસ કરીને નવરાત્રિમાં પોલીસે એન્ટિ રોમિયો સ્કોવોર્ડ કાર્યરત કરવી પડે છે. સામાન્ય દિવસોમાં આ મુદ્દે વધુ ધ્યાન અપાતુ નથી. છેલ્લાં બે વર્ષની વાત કરી એ તો, અમદાવાદ શહેરમાં વર્ષ ૨૦૨૪માં છેડતીના ૨૩૧ અને વર્ષ ૨૦૨૫માં ૧૭૧ કેસો નોધાયા હતાં.ગુજરાતમાં મહિલાઓની સલામતીને લઈને સવાલો સર્જાયા છે કેમકે, મહિલા અને યુવતીઓ અસલામત હોય તેવો અહેસાસ કરી રહી છે. ગૃ હ વિભાગના રિપોર્ટના તારણો પરથી એક બાબત સાબિત થઈ છે કે, ગુજરાતનો એકેય જીલ્લો એવો નથી જ્યાં છેડતીનો કિસ્સો બન્યો ન હોય.



છેલ્લાં ત્રણ વર્ષમાં ગુજરાતમાં છેડતીના કુલ મળીને ૮૧૯૯ કેસ નોંધાયા છે. અમદાવાદ, સુરત, વડોદરા સહિતના શહેરોમાં છેડતીના કેસ વધુ નોંધાયા છે.ગુજરાતમાં છેડતી અને બળાત્કારના કેસો વધ્યાં છે સાથે સાથે જાતિય સતામણીના કિસ્સામાં ય વધારો નોંધાયો છે. એનસીઆરબીના રિપોર્ટમાં એ વાત ઉજાગર થઈ છે કે, ગુજરાતમાં મહિલાઓ માટે કચેરી, ઓફિસ કરતાં જાહેર સ્થળો વધુ જોખમી છે. ઓફિસ કરતાં વાહન અને જાહેર સ્થળોએ જાતિય સતામણીના કિસ્સા વધુ નોંધાયાં છે. વર્ષ ૨૦૨૩માં રાજ્યમાં જાતિય સતામણીના કુલ મળીને ૨૫૨ કેસ નોંધાયા છે. મહિલા-યુવતીઓનો પીછો કરવો અને એક નજરે તાકી તાકીને જોવું તે પ્રકારના કિસ્સા વધુ બની રહ્યાં છે.

### "સર્વદા સર્વોત્તમ" દ્વારા સંચાલિત આ ટીમ ચોકસાઈ, શ્રેષ્ઠતા અને શિસ્તનું પ્રતીક

# દિવાળી પછી અમદાવાદ અને મહેસાણામાં યોજાશે એર શો । દિલધડક કરતબ કરશે

**વર્ષોથી સૂર્યકિરણ એરોબેટિક ટીમ સમગ્ર ભારતમાં અને ચીન, શ્રીલંકા, મ્યાનમાર, થાઇલેન્ડ, સિંગાપોર અને છઈ સહિત અનેક દેશોમાં ૭૦૦થી વધુ પ્રદર્શન કર્યા છે**

। પરતિનિધિ, અમદાવાદ, તા.૧૫ ।



સૂર્યકિરણ એરોબેટિક ટીમ ભારતીય વાયુસેનાની પ્રખ્યાત સૂર્યકિરણ એરોબેટિક ટીમ દ્વારા દર વર્ષે એર શોનું આયોજન કરવામાં આવે છે, ત્યારે આ વખતે દિવાળી પછી એટલે કે ૨૪ ઓક્ટોબરે મહેસાણા અને ૨૬ ઓક્ટોબરે અમદાવાદમાં અદભુત એરોબેટિક પ્રદર્શનથી ગુજરાતના આકાશને ચમકાવાશે. ૧૯૯૬માં રચાયેલ SKAT એશિયાની એકમાત્ર નવ વિમાનોની એરોબેટિક ટીમ છે. વર્ષોથી સૂર્યકિરણ એરોબેટિક ટીમ સમગ્ર ભારતમાં અને ચીન, શ્રીલંકા, મ્યાનમાર, થાઈલેન્ડ, સિંગાપોર અનેં છઈ સહિત અનેક દેશોમાં ૭૦૦થી વધુ પ્રદર્શન કર્યા છે. તેમના સૂત્ર "સર્વદા સર્વોત્તમ" દ્વારા સંચાલિત આ ટીમ ચોકસાઈ, શ્રેષ્ઠતા અને શિસ્તનું પ્રતીક છે.ભારતમાં બનાવેલા નવ હોક સ૧૩૨ વિમાનો ઉડાડતા, પાયલટ્સ વિમાનો વચ્ચે ૫ મીટરથી ઓછા અંતરે રમી શકે તેવા સ્ટંટ કરે છે. આગામી શોમાં લૂપ્સ, રોલ્સ, હેડ-ઓન ક્રોસ, બઝ અને ઈન્વર્ટેડ ફોર્મેશન જેવા આકર્ષક દિલધડક કરતબ દર્શાવવામાં આવશે. આ વર્ષની શરૂઆતમાં SKATએ જાન્યુઆરી અને ફેબ્રુઆરી દરમિયાન વડોદરા, જામનગર, નલિયા અને ભુજમાં એર શો દ્વારા દર્શકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

### હડદડની આ ઘટનામાં પોલીસે કુલ ૮૫ લોકો સામે ફરિયાદ નોંધી હતી

# હડદડ મહા પંચાયત ઘર્ષણ મામલે ૧૮ આરોપીના છ દિવસના રિમાન્ડ મંજૂર । ૪૭ લોકો જેલ હવાલે

**બોટાદ કોર્ટે સુનાવણીના અંતે ૧૮ આરોપીઓને આગામી ૨૦ ઓક્ટોબર સુધી, એટલે કે છ દિવસના પોલીસ રિમાન્ડ પર સોંપવાનો આદેશ કર્યો**

। પ્રતિનિધિ, બોટાદ, તા.૧૫ ।

બોટાદ જિલ્લાના હડદડ ગામે ખેડૂતો અને પોલીસ વચ્ચે થયેલા ઘર્ષણના ગંભીર મામલામાં પોલીસે ૬૫ આરોપીઓને કોર્ટમાં રજૂ કર્યા હતા. જે પૈકી પોલીસે ૧૮ આરોપીઓના રિમાન્ડની માંગણી કરી હતી.બોટાદ કોર્ટે સુનાવણીના અંતે ૧૮ આરોપ ીઓને આગામી ૨૦ ઓક્ટોબર સુધી, એટલે કે છ દિવસના પોલીસ રિમાન્ડ પર સોંપવાનો આદેશ કર્યો છે. જ્યારે બાકીના ૪૭ આરોપ ીઓને જેલ હવાલે કરવામાં આવ્યા છે.ઉલ્લેખનીય છે કે, હડદડની આ ઘટનામાં પોલીસે કુલ ૮૫ લોકો સામે ફરિયાદ નોંધી હતી. અત્યાર સુધીમાં પોલીસે ૬૫ આરોપીઓની



ધરપકડ કરી લીધી છે, જ્યારે અન્ય ૨૦ આરોપીઓને પકડવાના બાકી છે. ફરાર આરોપીઓને ઝડપી પાડવા માટે પોલીસે સઘન કાર્યવાહી શરૂ કરી છે.બોટાદમાં બનેલા આ બનાવ બાદ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધુ ન બગડે તે સુનિશ્ચિત કરવા માટે પોલીસ મહાનિદેશકની ઓફિસ ગાંધીનગરથી ૧૨મી ઓક્ટોબરની રાત્રે જ બોટાદ ખાતે SRPFની કંપનીને તાત્કાલિક રિપોર્ટ કરવાના આદેશો પસાર કરી દેવામાં આવ્યા હતા. હાલમાં ગામમાં પ્રવર્તી રહેલી તણાવભરી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સુરક્ષા માટે SRPF રાત્રીભર તૈનાત છે.

### ગાંધીનગરમાં મંત્રીમંડળનું વિસ્તરણ થઈ શકે છે,તે અંગે રાજકીય અટકળોએ જોર પકડ્યું

# નવા મંત્રીમંડળનું કાઉન્ટડાઉન શરૂ, ગમે તે ઘડીએ શપથગ્રહણ । રાજધાની ગાંધીનગર તરફ સૌની નજર

**વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ પંચાલ (જગદીશ વિશ્વકર્મા) અને મહામંત્રી રત્નાકરની આ બેઠકમાં નવા મંત્રીમંડળની રચના**

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૧૫ ।

બિહાર વિધાનસભાની ચૂંટણી વચ્ચે દિલ્હીમાં વડાપ્રધાન નિવાસસ્થાને સોમવારે મોડી રાત સુધી ચાલેલી મેરેથોન બેઠક બાદ ગુજરાતના રાજકારણમાં ગરમાવો આવ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ પંચાલ (જગદીશ વિશ્વકર્મા) અને મહામંત્રી રત્નાકરની આ બેઠકમાં નવા મંત્રીમંડળની રચના અને ગુજરાત પ્રદેશ માળખાને નવો ઓપ આપવા અંગે ચર્ચા થઈ હતી. આ બેઠક બાદ ગુજરાતના નવા મંત્રીમંડળના શપથગ્રહણનું કાઉન્ટડાઉન શરુ થઈ ગયું છે. હવે ગમે તે ઘડીએ પાટનગર ગાંધીનગરમાં મંત્રીમંડળનું વિસ્તરણ થઈ શકે છે, જેના પગલે કોની વિદાય થશે અને કોની મંત્રીપદે એન્ટ્રી થશે તે અંગે રાજકીય અટકળોએ જોર પકડ્યું છે.સૂત્રોના મતે,



વડાપ્રધાન નિવાસસ્થાને યોજાયેલી બેઠક બાદ મુખ્યમંત્રી, પ્રદેશ પ્રમુખ અને રત્નાકરે દિલ્હીમાં રોકાણ કર્યું હતું. આના કારણે મુખ્યમંત્રીનો કૃષિ મહોત્સવનો કાર્યક્રમ પણ રદ કરાયો હતો. ચર્ચા મુજબ, નવા મંત્રીમંડળમાં અંદાજે ૨૦થી ૨૨ સભ્યો હશે. જેમાંથી પાંચેક મંત્રીઓ યથાવત્ રહેશે, પરંતુ તેમના ખાતા બદલાઈ શકે છે. જોકે, દસેક વર્તમાન મંત્રીઓની હકાલપટ્ટી થવાના સંકેતો મળી રહ્યા છે. વર્તમાન ગૃહમંત્રી હર્ષ સંઘવી અને રાજ્યકક્ષાના શિક્ષણમંત્રી પ્રફુલ પાનસેરિયાને કેબિનેટનો દરજ્જો મળી શકે છે. યુવા અને અનુભવી ચહેરાઓને પ્રાધાન્ય આપવામાં આવશે.મુખ્યમંત્રી અને પ્રદેશ પ્રમુખ બંન્ને અમદાવાદના હોવાથી નવા મંત્રીમંડળમાં સૌરાષ્ટ્રનું રાજકીય કદ વધે તેવી શક્યતા છે, જ્યારે સુરત-દક્ષિણ ગુજરાતનો દબદબો ઘટી શકે છે. નવા મંત્રીમંડળમાં સૌરાષ્ટ્રના પાંચેક ધારાસભ્યને સ્થાન મળે તો નવાઈ નહીં. ઉત્તર ગુજરાતમાંથી પણ બે-ત્રણ નેતાઓને મંત્રીપદની લોટરી લાગી શકે છે.

### મિશન રોડ પર રામતલાવડી વિસ્તારમાં મનપાની કાર્યવાહી

# નડિયાદ શહેરમાં ધર્માંતરણનું રેકેટ ચાલતું હતું તે મકાન તોડી પડાયું

**દબાણ દૂર કરવા મુદ્દે અમદાવાદના મકાન માલિકે નોટિસનો ૧૫ દિવસ સુધી કોઈ જવાબ ના આપતા ટીમ ત્રાટકી**




। પ્રતિનિધિ, નડિયાદ, તા.૧૫ ।

નડિયાદ શહેરમાં ધર્માંતરણની પ્રવૃ ત્તિના મામલે મોટી કાર્યવાહી સામે આવી છે. નડિયાદ મિશન રોડ ખાતે સ્ટીવન પરમાર (મેકવાન) દ્વારા ધર્માંતરણ રેકેટ ચલાવવામાં આવી રહ્યું હતું. આ પ્રવૃત્તિ જે જગ્યા પર ચાલતી હતી તે રામતલાવડી ખાતેના મકાન પર નડિયાદ મનપાએ બુલડોઝર ફેરવી આજે ગેરકાયદે દબાણનો સફાયો કરી દીધો હતો. નડિયાદ શહેરમાં ધર્માંતરણની ગેરકાયદેસર કામગીરી ચાલતી હતી, ત્યાં નડિયાદ કોર્પોરેશન દ્વારા ગેરકાયદે દબાણ દૂર કરવાની કાર્યવાહી આજે હાથ ધરાઈ હતી. મિશન રોડ ઉપરની જગ્યા પર ગેરકાયદે બાંધકામ દૂર કરવાની કાર્યવાહી લાંબા સમયથી ચાલી રહી હતી. આશરે ૧૫ દિવસ પહેલા કોર્પોરેશન દ્વારા દબાણવાળી જગ્યાના મકાન માલિકને દબાણ દૂર કરવા માટે નોટિસ ફટકારવામાં આવી હતી. જોકે, અમદાવાદ ખાતે રહેતા મકાન માલિક દ્વારા કોર્પોરેશનને નોટિસનો કોઈ જવાબ આપવામાં આવ્યો નહોતો. આખરે, આજે કોર્પોરેશન દ્વારા નિયમાનુસાર દબાણ હટાવવાની કામગીરી શરૂ કરવામાં આવી અને ગેરકાયદે દબાણ દૂર કરી દેવાયું હતું. મિશન રોડ પરના મકાનમાં ધર્માંતરણની આખી કામગીરી સ્ટીવન મેકવાન નામનો ઈસમ ચલાવતો હતો. પોલીસે સમગ્ર કેસમાં મુખ્ય સૂત્રધાર સ્ટીવન મેકવાન અને અન્ય એક ઈસમની ધરપકડ કરી વધુ તપાસ કરી રહી છે. આ અંગે નડિયાદ મનપાના ડેપ્યુટી કમિશનર રુદ્રેશ હુદળે જણાવ્યું હતું કે, કોર્પોરેશન દ્વારા શહેરની ફૂટપાથ, શાકમાર્કેટ અને જાહેર જગ્યાઓ પરના ગેરકાયદે દબાણોને દૂર કરવાની નિયમિત કામગીરી હાથ ધરવામાં આવી છે. ત્યારે જે જગ્યાએ ધર્માંતરણની પ્રવૃત્તિ ચાલતી હતી તેમાં ગેરકાયદે દબાણની ફરિયાદ હતી. જેને ધ્યાનમાં લઈને રામતલાવડી વિસ્તારમાં આવેલું આ ગેરકાયદે દબાણ દૂર કરવામાં આવ્યું છે.નડિયાદ શહેરમાં ધર્માંતરણની પ્રવૃત્તિના મામલે મોટી કાર્યવાહી સામે આવી છે. નડિયાદ મિશન રોડ ખાતે સ્ટીવન પરમાર (મેકવાન) દ્વારા ધર્માંતરણ રેકેટ ચલાવવામાં આવી રહ્યું હતું.

# ધ્રાંગધ્રા માર્કેટિંગ યાર્ડમાં યોજાયેલા રવિ કૃષિ મેળાનો ફિયાસ્કો

। પ્રતિનિધિ, ધ્રાંગધ્રા, તા.૧૫ ।

રાજ્ય સરકાર દ્વારા ઠેર ઠેર રવિ કૃષિ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ખેડૂતોને નવીતમ ખેતી માટેની પધ્ધતિ દર્શાવામાં આવે છે જે અંતર્ગત ધ્રાંગધ્રા માર્કેટિંગ યાર્ડ ખાતે પણ રવિ કૃષિ મેળાનું તા.૧૪ અને ૧૫ ઓક્ટોબર બે દિવસ માટે આયોજન કરવામાં આવ્યું છે.કૃષિ મેળો પ્રારંભ થયાના માત્ર એક કલાકમાં જ પૂર્ણ થઈ ચૂક્યો હતો. ધ્રાંગધ્રા માર્કેટિંગ યાર્ડ ખાતે યોજવામાં આવેલ આ કૃષિ મેળામાં કુલ ૮



સ્ટોલ નાખવામાં આવ્યા હતા. જ્યારે સવારે કૃષિ મેળો શરૂ થતા તમામ સ્ટોલ પર ખેડૂતને નવીનતમ ખેતીની પધ્ધતિ દર્શાવામાં આવી હતી. ત્યારબાદ આગેવાનો અને ધારાસભ્ય સહિતનાઓ દ્વારા રવિ કૃષિ મેળો ખુલ્લો મુકવાનો કાર્યક્રમ પૂર્ણ થયા બાદ ખેડૂતો માટે ભોજનની વ્યવસ્થા રાખવામાં આવી હતી. જે ભોજન શરૃ થતા તમામ ખેડૂતો ભોજન માટે ગોઠવાઈ ગયા હતા જયારે બીજી તરફ કૃષિ મેળો ખાલીખમ જોવા મળ્યો હતો. માત્ર એટલું જ નહીં કૃષિ મેળાના મોટાભાગના સ્ટોલ પણ કાર્યક્રમના એક કલાક બાદ ખાલી થઈ ચૂક્યા હતા.

# વ્યાજખોરના ત્રાસથી કંટાળીને વેપારીએ બે વખત આપઘાતનો પ્રયાસ કર્યો

। પ્રતિનિધિ, વડોદરા, તા.૧૫ ।

વડોદરાના આજવા રોડની રામેશ્વર સોસાયટીમાં રહેતા જીતુભાઈ રણછોડભાઈ રાય આજવા રોડ પર વિકી ક્લોથ સ્ટોર નામની દુકાન ચલાવે છે. બાપોદ પોલીસ સ્ટેશનમાં તે મને ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે મારા પિતાના મિત્ર મોહનભાઈ સાવલિયાને હું સારી રીતે ઓળખતો હતો. તેમના પુત્ર વિજય સાવલિયાને પણ ઓળખતો હતો. વર્ષ ૨૦૨૪ માં મારે ધંધા માટે રૂપિયાની જરૂરિયાત ઊભી થતા મેં વિજય મોહનભાઈ સાવલિયા (રહે-ચામુંડા સોસાયટી, ઝવેર નગર વાઘોડિયા રોડ) પાસેથી દસ લાખ રૂપિયા લીધા હતા.

# રાજકોટના ચાંદી કામનાં યુનિટમાં ધડાકા સાથે ભીષણ આગ । કારીગર જીવતો ભૂંજાયો

। પ્રતિનિધિ, રાજકોટ, તા.૧૫ ।

શહેરના દિવાનપરા શેરી નં. ૧૦માં આવેલા શ્રી હરિ કોમ્પ્લેક્સના પાંચમા માળે ટેરેસ પર પતરાનો ડોમ બનાવી ચાંદીના પાલીશ અને બફ યુનિટ શરૂ કરવામાં આવ્યું હતું. જ્યાં ગઈકાલે મોડી રાત્રે શોર્ટ સર્કિટને કારણે આગ ભભૂકી ઉઠયા બાદ એલપ ીજી સિલિન્ડર પણ ફાટતા સમગ્ર વિસ્તારમાં ભય વ્યાપી ગયો હતો. આ ઘટના વખતે ત્યાં જે દસેક કારીગરો કામ કરતા હતા તેમાંથી નવ તો જીવ બચાવી નીકળી ગયા હતા, પરંતુ એક કારીગર ભીષણ આગમાં ભડથુ થઈ ગયો હતો. ગઈકાલે દસેક કારીગરો ચાંદી કામ અને પાલીસ ઉપરાંત બફનું કામ કરી રહ્યા હતા ત્યારે ડ્રમ પોલીસ મશીનમાં હીટીંગને કારણે શોર્ટ સર્કિટ થઈ હતી, જેના પરિણામે આગ ભભૂકી ઉઠી હતી. સ્થળ પર રાંધણ ગેસના ચારેક સિલિન્ડર પણ હતાં. આગ ત્યાં સુધી પહોંચી ગઈ હતી, જેને કારણે એક સિલિન્ડર ફાટતા આગ ભીષણ બની હતી. કારીગરોએ પોતાની રીતે આગ ઠારવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ સફળતા નહીં મળતા જીવ બચાવી ભાગ્યા હતાં. આ દરમિયાન રામનાથપરામાં રહેતા પલાસ નિયોગી (ઉ.વ.૪૮) નામનો કારીગર ભડથુ થઈ ગયો હતો. જ્યારે બીજો એક કારીગર સહેજ દાઝી ગયો હતો. જાણ થતાં ફાયર બ્રિગેડનો સ્ટાફ પાંચ ફાયર ફાઈટરો સાથે સ્થળ પર દોડી ગયો હતો. પાણીનો મારો ચલાવી આગ બૂઝાવી નાખી હતી. ત્યાં સુધીમાં ટેરેસ પર રહેલો ડોમ સંપૂર્ણપણે ખાખ થઈ ગયો હતો.જાણ થતા એસીપી અને એ ડિવિઝનના પીઆઈ સહિત પોલીસ સ્ટાફ અને પીજીવીસીએલનો સ્ટાફ પણ સ્થળ પર દોડી ગયો હતો. એ ડિવિઝન પોલીસે અકસ્માતે મોતની નોંધ કરી હતી.

### સાવરકુંડલાના મઢડા ગામે બનેલો બનાવ

# વિન્ડ ફાર્મ સર્વેયરને ધોલધપાટ કરી રૂ.૪૨૦૦ લૂંટી લેતા ફરિયાદ

। પ્રતિનિધિ, અમરેલી, તા.૧૫ ।

સાવરકુંડલા, મહુવા, રાજુલા તાલુકામાં પવનચક્કી સ્થાપવા માટે એક કોન્ટ્રાક્ટરે ઈજારો રાખ્યો હતો. તેમજ સર્વે કામગીરી કરવા કોન્ટ્રાક્ટ રાખ્યો હતો. આ વખતે તેના પ્રતિસ્પ ર્ધીએ આ કોન્ટ્રાક્ટની માગણી કરતા તેનો ઈન્કાર કરતા મૂળ કોન્ટ્રાક્ટરના સર્વેયરને આંતરી ૧૧ શખ્સોએ હુમલો કરી સર્વે ફાઈલ તથા રૂ.૪૨૦૦ની લૂંટ ચલાવી મારી નાખવાની ધમકી આપતા સાવરકુંડલા પોલીસ મથકમાં ફરિયાદ થઈ છે.પ્રાપ્ત વિગત મુજબ જનકભાઈ અનકભાઈ વિંછીયા (રે. મુળ રબારીકા, હાલ અમરેલી)ના રહેવાસીએ સાવરકુંડલા તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવતા જણાવેલ હતું કે સાવરકુંડલા, મહુવા, રાજુલા, પંથકના ગ્રામ્ય વિસ્તારોમાં પવનચક્કી ફિટ કરવાનો, સર્વેનો કોન્ટ્રાક્ટ તેણે રાખેલ હતો. જે કામ અશોક જયતાભાઈ બોરીચા રાખવા માંગતો હતો અને સર્વે કરવા રૂપિયાની માંગણી કરેલ હતી.


લોક પત્રિકા હવે અહીં પણ

ભારતની નં.૧ ન્યૂઝ એપ

dailyhunt




પળેપળના સમાચારની અપડેટ જોવા માટે આજે જ ડેઈલી હન્ટમાં લોક પત્રિકાને ફોલો કરો



**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya